શ્રી શુદ્ધાદ્વૈત સંસદ ગ્રંથમાળા, મણિ ૭૭ મો

ગો. વા. શ્રી. પૂંજીબા ગોવર્ધનદાસ પટવારી સ્મારક ગ્રંથમાળા, ગ્રં. ૧

ગોસ્વામિશ્રીમદ્વિઠ્ઠલનાથપ્રભુચરણવિરચિત

# વિદ્વન્મણ્ડન

ગો. શ્રીપુરુષોત્તમજી-કૃત 'સુવર્ણસૂત્ર' અને ગો. શ્રીગિરિધરજી-કૃત 'હરિતોષિણી' એ બે સં. ટીકાઓને આધારે સાધેલા વિવરણ સાથેનો

ગુજરાતી અનુવાદ

અનુવાદક

પ. ભ. નાનુલાલ નારાયણદાસ ગાંધી

એમ. એ., એલ એલ. બી.

ધંધુકા

(15)

શ્રીશુદ્ધાદ્વૈત સંસદ : વડોદરા

શ્રી શુદ્ધાદ્વૈત સંસદ ગ્રંથમાળા, મણિ ૭૭ મો

ગો. વા. શ્રી. પૂંજીબા ગોવર્ધનદાસ પટવારી સ્મારક ગ્રંથમાળા, ગ્રં. ૧

ગોસ્વામિશ્રીમદ્વિઠ્ઠલનાથપ્રભુચરણવિરચિત

# વિદ્વન્મણ્ડન

ગો. શ્રીપુરુષોત્તમજી-કૃત 'સુવર્ણસૂત્ર' અને ગો. શ્રીગિરિધરજી-કૃત 'હરિતોષિણી' એ બે સં. ટીકાઓને આધારે સાધેલા વિવરણ સાથેનો

ગુજરાતી અનુવાદ

અનુવાદક

પ. ભ. નાનુલાલ નારાયણદાસ ગાંધી

એમ. એ., એલ એલ. બી.

ધંધુકા

શ્રીશુદ્ધાદ્વૈત સંસદ : વડોદરા

પ્રકાશક :
કંચનલાલ મણિલાલ શાહ,
મંત્રી, શ્રીશુદ્ધાદ્વૈત સંસદ,
શ્રીનાથજીના મંદિર પાસે,
દેસાઈ શેરી, વડોદરા-૧

શાકે ૧૮૮૪

બીજું સંસ્કરણ
પ્રત ૧૦૦૦

*    *
*

વિ. સં. ૨૦૧૮
ઈ. સ. ૧૯૬૨

કિં. ચાર રૂપિયા

મુદ્રક :
કાંતિલાલ છગનભાઈ પટેલ,
મંગળ મુદ્રણાલય,
ફત્તેહભાઈની હવેલી,
રતનપોળ, અમદાવાદ

# પ્રકાશકનું નિવેદન

ઘણાં વર્ષો પૂર્વે પ. ભ. શ્રી. નાતુલાલ નારાયણદાસ ગાંધીએ ‘ પુષ્ટિભક્તિસુધા ’ માસિકમાં ‘ વિદ્વન્મંડન ’ મૂળનો અનુવાદ આપવાનું ચાલુ કરેલું. એ પછી શ્રીપુરુષોત્તમજીનું ‘ સુવર્ણ-સૂત્ર ’ અને શ્રીગિરિધરજીની ‘ હરિતોષિણી ’ એ બે ટીકાને અનુસરી કરેલા ગુજરાતી વિવરણ સાથે ‘ વિદ્વન્મંડન ’નો હૃદયંગમ સુબોધ ગુજરાતી અનુવાદ પુસ્તકાકારે સં. ૧૯૬૯–સને ૧૯૧૩ માં ગો. વા. ઓચ્છવલાલ સાંકળચંદની પેઢી ‘ ઓચ્છવલાલ ગોપાલદાસની કું., મુંબઈ ’ ના ઉત્તેજનથી એમણે પ્રસિદ્ધ કર્યો હતો. આ અનુવાદ વર્ષોથી અપ્રાપ્ય થઈ પડયો હતો. ગુજરાત યુનિવર્સિટીમાં ગો. શ્રીવ્રજરત્નલાલજી મહારાજ સુરતવાળાએ આપેલા ટ્રસ્ટની શરતો પ્રમાણે ખાસ પ્રશ્નપત્ર તરીકે ‘ વિદ્વન્મંડન ’ નિયત થયા પછી એના ગુજરાતી અનુવાદની આવશ્યકતા ઊભી થઈ. સાંપ્રદાયિકોને પણ શુદ્ધાદ્વૈત વેદાંત સિદ્ધાંતનું મર્મ સમઝવા આવા અનુવાદની ખૂબ જ જરૂર હતી. મૂળ ગ્રંથ વાદ–પદ્ધતિનો હોઈ સામાન્ય સંસ્કૃત ભાષા જાણનારને પણ સમઝવો કઠિન પડે એવો છે. આથી જ આનો અનુવાદ પ્રસિદ્ધ થાય એવું મને લાગ્યા કરતું હતું. શ્રી. નાતુલાલભાઈનો અનુવાદ એક વાર પ્રસિદ્ધ થઈ ચૂકેલો હોઈ એ જ ફરી છપાય એવી મારી ભાવના હતી. એ માટે એને ફરી સંસ્કાર આપવાની મારા તરફથી શ્રી. નાતુભાઈને પ. ભ. શ્રી. પરમાણંદદાસ રણછોડદાસ પટવારી દ્વારા વિનંતિ કરવામાં આવી. મને જણાવતાં આનંદ થાય છે કે વૃદ્ધાવસ્થાને લઈ આંખોની અને શરીરની નબળાઇ છતાં પણ એમણે આ એમનો અનુવાદ સુધારી આપ્યો, એટલું જ નહિ, પણ આવશ્યક સ્થળોએ વાકયખંડોને જુદા પાડી વિષયનિર્દેશ પણ કરી આપ્યો. મારી ભાવના અમદાવાદની સુપ્રસિદ્ધ સંસ્થા ગુજરાત વિદ્યાસભા–સંચાલિત ભો. જે. અધ્યયન સંશોધન વિદ્યાભવનની સંશોધન ગ્રંથમાળામાં છપાય એવી હતી અને એ પ્રમાણે એ સંસ્થાને આ અનુવાદ સોંપવામાં આવ્યો. એનું પ્રકાશન હાથ ધરવાનો નિર્ણય પણ થઈ ચૂકયો હતો, પણ બીજાં પ્રકાશનોને કારણે એનું છાપકામ શરૂ થઈ શકયું નહોતું. દરમ્યાન પ. ભ. શ્રી. બાલુભાઈ ગોવર્ધનદાસ પટવારીએ અમને જણાવ્યું કે શ્રીશુદ્ધાદ્વૈત સંસદ તરફથી જ જો આનું પ્રકાશન થાય તો એનો મુદ્રણખર્ચ આપવા પોતે તૈયાર છે. આથી ભો. જે. વિદ્યાભવનના માનાર્હ અધ્યક્ષ પ્રો. રસિકલાલ છો. પરીખને વિનંતિ કરતાં એમણે પ્રસન્નતાપૂર્વક આની અનુમતિ આપી, જેના શુભ પરિણામે આજે એનું નવું સંસ્કરણ પ્રસિદ્ધ કરવાનો શ્રી શુદ્ધાદ્વૈત સંસદને લાભ મળ્યો છે.

પ. ભ. શ્રી. બાલુભાઈ પટવારીએ પોતાનાં ગો. વા. માતુશ્રીના નામથી **ગો. વા. શ્રી. પૂંજીબા ગોવર્ધનદાસ પટવારી સ્મારક ગ્રંથમાળા** ચલાવવા રૂા. ૨૫૦૦) જેટલી રકમ શ્રીશુદ્ધાદ્વૈત સંસદને સોંપી છે, જેની મુખ્ય શરત એ છે કે એ રકમમાંથી આ ગ્રંથ છપાવવો, અને એના વેચાણમાંથી રકમ જમા થતાં ઉત્તરોત્તર સાંપ્રદાયિક આકર ગ્રંથોના અનુવાદ છપાવ્યે જવા. આ રીતે ‘ વિદ્વન્મંડન ’નું આ નવું સંસ્કરણ એના જિજ્ઞાસુ અધિકારીઓને સુલભ

કરી આપવાની અમને તક મળી છે. એ માટે શ્રી. બાલુભાઈ પટવારીનો આભાર માનતાં અમે આનંદ અનુભવિયે છિયે.


૭૫ વર્ષ જેટલી વૃદ્ધાવસ્થામાં પણ પ. ભ. શ્રી. નાનુભાઈએ આ અનુવાદ સંસ્કારી આપ્યો છે એ માટે શ્રીશુદ્ધાદ્વૈત સંસદ જ નહિ, પણ ગુજરાતી સંસ્કારી જનતા પણ એમની ખરેખર આભારી થઈ છે. એમનો જેટલો આભાર માનિયે તેટલો થોડો છે. પ. ભ. શ્રી. પરમાણંદદાસ ર. પટવારીએ સુધરાવવાનું માથે ન લીધું હોત તો આ દિવસ નિકટમાં જોવા ભાગ્ય મળ્યું નહોત, એ સાથે સો. જે. વિદ્યાભવનના માનાર્હ અધ્યક્ષ પ્રો. રસિકલાલ છો. પરીખની અનુમતિ પણ ન મળી હોત તો આટલું વહેલું આ પ્રકાશન થઈ શક્યું નહોત. આ બેઉ મહાનુભાવોનો તેથી હાર્દિક આભાર માનવાની તક લઇયે છિયે.

અને છેલ્લે માત્ર એ મહિના જેટલા ટૂંકા ગાળામાં આવડા લગભગ બસ્સેં છાસઠ જેટલાં પૃષ્ઠોના ગ્રંથનું મુદ્રણ સાધી આપવા બદલ ‘ મંગળ મુદ્રણાલય ’ના માલિક શ્રી. કાંતિલાલ ડાહ્યાભાઈ પટેલ, વ્યવસ્થાપક શ્રી. ઈંદુભાઈ મ. પરીખ અને ફોરમૅન શ્રી. લક્ષ્મીચંદ કા. પટેલનો પણ ઉપકાર અવિસ્મરણીય છે. બસ્સેં અઢીસેંથી વધુ ગ્રંથો મારા હાથ નીચેથી મુદ્રણ માટે પસાર થઈ ગયા છે, પણ આટલી ઝડપ છતાં મુદ્રણની ચોખ્ખાઇના વિષયમાં બહુ જ થોડા ગ્રંથોના વિષયમાં મને અનુભવ થયો છે, એ મારે સાભાર વ્યક્ત કરવું જોઇયે.

‘ વિદ્વન્મંડન’નો આ અનુવાદ એના સર્વ જિજ્ઞાસુ અધિકારીઓને ઉપયોગી નીવડશે તો વિદ્વાન્ અનુવાદકના, સહૃદય સહાયકના અને અમારા શ્રમની સાર્થકતા છે.

મધુવન, એલિસબ્રિજ,
અમદાવાદ-૬
તા. ૨૦-૧૦-૧૯૬૨

લિ. વૈષ્ણવચરણરજોભિલાષી
**કેશવરામ કા. શાસ્ત્રી**
મંત્રી, શુદ્ધાદ્વૈત સંસદ



પરમકૃપાળુ શ્રી વિઠ્ઠલનાથજી ગુસાંઈજી



ગો. વા. શ્રી. ગોવર્ધનદાસ વિ. પટવારી

## આમુખ

શ્રીવિઠ્ઠલનાથજીએ રચેલો 'વિદ્વન્મણ્ડન' નામનો ગ્રન્થ સંપ્રદાયમાં અતિપ્રસિદ્ધ છે અને એના નામ પ્રમાણે વાસ્તવિક રીતે વિદ્વાનનું ભૂષણ જ છે. જેમ બ્રહ્મસૂત્રકાર બાદરાયણનો પ્રધાનમલ્લ સાંખ્યમત છે તેમ શ્રીવલ્લભાચાર્યજીના પ્રધાનમલ્લ શ્રીશંકરાચાર્ય છે. શ્રીમદાચાર્યચરણે બ્રહ્મસૂત્રભાષ્યમાં નિબન્ધમાં અને સુબોધિનીમાં શ્રીશંકરાચાર્યના મતનું ખણ્ડન જુદે જુદે સ્થળે કરેલું છે, પણ એક જ સ્થળે એ મતનું ખંડન આપ્યું હોય તો સંપ્રદાયના વિદ્વાનોને શાંકર દર્શનની ન્યૂનતા અને શુદ્ધાદ્વૈત દર્શનની અધિકતા સમજવામાં ઘણી સરળતા પડે એ હેતુથી શ્રીમદાચાર્યચરણના દ્વિતીય પુત્ર શ્રીવિઠ્ઠલનાથજીએ 'વિદ્વન્મણ્ડન' ગ્રન્થની રચના કરેલી છે.

એમાં બ્રહ્મ, જીવ, એ બેનો પરસ્પર સંબન્ધ, ઇત્યાદિ મહત્ત્વના વિષયો ઉપર શાંકર દર્શનનાં જે મન્તવ્યો છે તેનું સ્પષ્ટ નિરૂપણ કરી પ્રમાણપુરસ્સર ખંડન કરવામાં આવેલું છે.

જીવ અને ઈશ્વરના સ્વરૂપ વિશે શાંકર દર્શનમાં ત્રણ મુખ્ય વાદો જોવામાં આવે છે: (૧) અવચ્છેદવાદ, (૨) આભાસવાદ અને (૩) પ્રતિબિમ્બવાદ. અવચ્છેદવાદ વાચસ્પતિમિશ્રનો છે, આભાસવાદ વાર્તિકકાર સુરેશ્વરાચાર્યનો છે, અને પ્રતિબિમ્બવાદ સંક્ષેપશારીરકૃત સર્વજ્ઞાત્મમુનિનો છે. આ ત્રણેય વાદનું શ્રુતિ અને યુક્તિના બળથી શ્રીવિઠ્ઠલનાથજીએ સરસ ખંડન કરેલું છે.

આ ઉપરાંત બ્રહ્મનું સ્વરૂપ શ્રુતિઓના આધારે સમજાવી એ જગતનું અભિન્નનિમિત્તોપાદાન કારણ છે એ બાબત ગ્રન્થકારે સારી રીતે સમજાવી છે. બ્રહ્મમાં અનેક દિવ્ય ગુણો રહેલા છે, વિરુદ્ધ ધર્મો પણ રહેલા છે, અને પ્રાકૃત ગુણોથી રહિત છે. જીવ બ્રહ્મનો અંશ છે, અણુ છે અને નિત્ય છે. જગત બ્રહ્મના સ્વરૂપનું જ પરિણામ છે, તેથી એ સત્ય છે. બ્રહ્મનો વિષય કેવળ શ્રુતિના આધારે સમજી શકાય એવો છે, તર્કના બળથી નહિ. અર્થાત્ બ્રહ્મવિદ્યાનો

વિચાર શ્રુતિમૂલક જ હોવો જોઈએ એવું માનનાર શ્રીવલ્લભાચાર્યજી અને શ્રીવિઠ્ઠલનાથજી સર્વથા વૈદિક છે, વેદના શબ્દે શબ્દને પ્રમાણ તરીકે સ્વીકારનાર છે. આ દૃષ્ટિબિન્દુથી શાંકર મતનું ખંડન કરવામાં આવેલું છે.

સાધનોમાં ભક્તિ અને ભગવત્કૃપાનો મહિમા સમજાવીને શ્રીવિઠ્ઠલનાથજીએ ભગવલ્લીલાનું સ્વરૂપ સુન્દર રીતે સમજાવેલું છે ભગવાનની લીલા નિત્ય છે એ વાત ઋગ્વેદના મન્ત્રોના આધારે સ્પષ્ટ રીતે સમજાવવામાં આવેલી છે. જર્મન વિદ્વાન ડૉ. ગેલ્ડનર અને આનન્દશંકર ધ્રુવ જેવા સમર્થ પણ્ડિતો કહેતા કે વેદના મંત્રોનો અર્થ સમજવામાં પૌરાણિક ભાવનાઓ મહત્ત્વનો ભાગ ભજવે છે. દા. ત. વેદમાં જણાવેલાં વિષ્ણુનાં ત્રણ પદો અને પુરાણોમાં જણાવેલાં વામનનાં ત્રણ પદો. આ પ્રમાણે विष्णोः पदे परमे मध्व उत्सः જેવા મન્ત્રોમાં ભગવલ્લીલા અને ભગવદાનન્દનાં બીજ રહેલાં છે આ વાત શ્રીવિઠ્ઠલનાથજીએ બહુ સારી રીતે સમજાવી છે. આ ચર્ચાથી પુષ્ટિમાર્ગનું શુદ્ધ સ્વરૂપ સમજી શકાય છે. ભગવાનને શરણે ગયેલા જીવોને મર્યાદામાર્ગનાં બન્ધન હોઈ શકતાં જ નથી—એ જીવ લોક અને વેદથી અતીત છે, એ વાતને આ ગ્રન્થ પુષ્ટિ આપે છે. શુદ્ધાદ્વૈત તત્ત્વજ્ઞાન અને ભગવલીલ્લાનો દિવ્ય આનંદ—એ એનું સ્વરૂપ સમજાવનારો આ 'વિદ્વન્મણ્ડન' ગ્રન્થ આ પ્રકારે બહુ ઉપયોગી છે. શ્રીવિઠ્ઠલેશપ્રભુએ રચેલા અણુભાષ્યમાં પણ 'વિદ્વન્મણ્ડન'નો નિર્દેશ કરવામાં આવેલો છે (૩-૨-૪૧; ૪-૪-૧૭).

આ ગ્રન્થ જેટલો મહત્ત્વનો છે તેટલો કઠિન પણ છે, તેથી એના ગુજરાતી ભાષાન્તરની અપેક્ષા સ્વાભાવિક રીતે રહે. આજથી લગભગ પચાસ વર્ષ ઉપર સંપ્રદાયના મર્મજ્ઞ વિદ્વાન શ્રીયુત નાનુલાલ ગાંધીએ 'વિદ્વન્મણ્ડન'નું ગુજરાતી ભાષાન્તર ટિપ્પણ સાથે કર્યું હતું અને એ છપાવવામાં આવ્યું હતું, એમાં શ્રીવિઠ્ઠલનાથજીના જીવનચરિત્ર ઉપરાંત ગ્રન્થમાં ચર્ચેલા બધાય વિષયોની શાસ્ત્રીય ચર્ચા કરતો "ઉપોદ્ઘાત" પણ છાપવામાં આવેલો હતો. આ કઠિન ગન્થ સમજવામાં શ્રી. નાનુભાઇ ગાંધીનો આ વિદ્વત્તાપૂર્ણ ઉપોદ્ઘાત અભ્યાસકોને બહુ ઉપયોગી થઇ પડ્યો છે. ભાષાન્તર પણ ઘણું સ્પષ્ટ અને સરલ છે, અને શ્રીપુરુષોત્તમજી અને શ્રીગિરિધરજીની ટીકાઓને આધારે આપેલું ટિપ્પણ પણ બહુ મહત્ત્વનું છે. શ્રી. નાનુભાઈ ગાંધીની આ સાંપ્રદાયિક સેવા ચિરસ્થાયી છે.

આ ભાષાન્તર ઘણા સમયથી મળતું ન હતું તેથી અભ્યાસકોને બહુ અડચણ પડતી હતી. આ પરિસ્થતિને ધ્યાનમાં લઈને શ્રી. બાલુભાઇ ગોવર્ધનદાસ પટવારીએ આ ગ્રન્થ ફરીથી છપાવવા માટે પ્રેરણા કરી આર્થિક મદદ આપી, એને પરિણામે આજે આ સુન્દર ગ્રન્થ પુનઃ પ્રકટ થાય છે. શ્રી. બાલુભાઈ પટવારીએ જે મદદ કરી સંપ્રદાયના સાહિત્યમાં રસ લીધો છે તેને માટે હું એમનો આભાર માનું છું અને બીજા સંસ્કારી વૈષ્ણવોને એમનું અનુકરણ કરવા ભગવાન પ્રેરણા આપે એવી પ્રાર્થના કરું છું.

" શાકુન્તલ "
ખારીવાવ રસ્તો
વડોદરા, ૧૬-૯-૬૨

ગોવિન્દલાલ ભટ્ટ
પ્રમુખ

# ગો. વા. શ્રી. ગોવર્ધનદાસ વિઠ્ઠલદાસ પટવારી

પ્રખ્યાત વૈષ્ણવ દીવાન કુટુંબના ગો. વા. ગોવર્ધનદાસભાઈ સુપ્રસિદ્ધ વૈષ્ણવ વિદ્વાન અને જૂની વૈષ્ણવ પરિષદના પ્રધાન અગ્રેસર, અનેક સાંપ્રદાયિક મહત્ત્વપૂર્ણ ગ્રંથોના લેખક, અનેક રાજ્યોના દીવાન, અને સરકાર તરફથી શ્રીનાથજીના વાલી તરીકે રહેલા ગો. વા. શ્રી. રણછોડદાસ વૃંદાવનદાસ પટવારીજીના કાકાના પુત્ર થાય. એમણે પણ સૌરાષ્ટ્રનાં વિવિધ રાજ્યોમાં ઉચ્ચ દરજ્જે સેવાઓ આપી હતી. પટવારી કુટુંબના વારસામાં ઊતરેલા સાચા વૈષ્ણવી ગુણો એમનામાં હતા. ભારે ઉદાર હતા. ઘેર મહેમાનોની હંમેશાં હાજરી હોય જ. ગરીબ તવંગર સૌને સમભાવે અને અનન્ય લાગણીથી આતિથ્ય કરનારા તરીકે એમની સૌરાષ્ટ્રમાં ખ્યાતિ હતી. સ્વભાવમાં ઉમંગ ઉત્સાહ અને પ્રામાણિકતા, અને કોઈને પણ કંઈક ને કંઈક આપી છૂટવાની એમની વૃત્તિ, લેવાની નહિ જ. એમની ખૂબ જ સાદાઈ અને નિરાડંબરતા એમના પ્રત્યે સૌને આકર્ષતી હતી. રહેણી-કરણીમાં ઘડિયાળની જેમ નિયમિત હતા તેથી નેવું વર્ષ સુધી એમની તબિયત સારી રહી હતી; એમણે કદી માંદગી જોઈ નહોતી.

એઓશ્રી જે જે રાજ્યોમાં નોકરી સબબ રહેલા ત્યાં ત્યાં પુષ્ટિમાર્ગીય મંદિરોના ઉત્કર્ષમાં સારું કરી ગયેલા. જ્યારે નિવૃત્તિ લઈને ધંધુકામાં આવી રહ્યા ત્યારે શ્રીદ્વારિકાધીશના મંદિરનો, તગડીની શ્રીમહાપ્રભુજીની બેઠકનો, અને કુટુંબના શ્રીલાલજીના મંદિરનો વહીવટ સારી રીતે ચલાવવાની સેવા આપી હતી.

એમના પ્રસંગમાં આવેલ સૌ કોઈ અને ધંધુકાનાં અનેક ભાઈ-બહેનો આજે પણ એમની ઉદારતા અને નિખાલસતા માટે એમનું ઉદાહરણ આપે છે.

અને ગો. વા. શ્રી. પૂંજીમા પણ એવાં જ આજ્ઞાધારી, પરોપકારી ધાર્મિક વૃત્તિનાં ધર્મપત્ની એમને મળ્યાં હતાં. એવાં પુણ્યાત્મા માતા-પિતાને ત્યાં જન્મ લઈ કૃતાર્થ થયેલા શ્રી. બાલુભાઈ એમને પગલે ચાલી આજે પણ, સૌરાષ્ટ્રનાં અનેક રાજ્યોના આંતરિક વહીવટમાં ઉચ્ચ દરજ્જાનાં સ્થાન ભોગવ્યા પછી પણ, ધાર્મિક જીવન જીવી રહ્યા છે. એમના પુત્રોમાં ભાઈશ્રી પ્રભુદાસ પટવારી આજે ગુજરાતની સામાજિક સેવાઓમાં, એમની યશસ્વી વકીલની કારકિર્દી સાથે, અગ્ર ભાગ લઈ એ કુટુંબની સેવાભાવનાનો પરિચય આપી રહ્યા છે. શ્રી. બાલુભાઈના બીજા પુત્રો ભાવનગરમાં સારી ચાહના મેળવનાર ડૉ. ઈંદુલાલ પટવારી ( એમ. આર. સી. પી. ઇંગ્લેંડ ) તથા મુંબઈમાં વેપારના ક્ષેત્રમાં આગળ વધેલા શ્રી. મધુસૂદન પટવારી છે. ત્રણ પુત્રીઓ શ્રી. હીરાબહેન, શ્રી. વિમળાબહેન અને શ્રી. નલિનીબહેન પણ સંપ્રદાયનાં ચુસ્ત અનુયાયીઓ છે.

કે. કા. શાસ્ત્રી

# પ્રથમ આવૃત્તિની પ્રસ્તાવના

ભગવત્પ્રિય વૈષ્ણવો ! શ્રીમત્પ્રભુચરણ–વિરચિત વિદ્વન્મંડન ગ્રંથનો ગુજરાતી ભાષામાં અનુવાદ કરવાનો મેં આ પ્રથમ પ્રયાસ કરેલો છે. વિદ્વન્મંડન શ્રીમત્પ્રભુચરણવિરચિત ઉત્તમ તત્ત્વવિદ્યાનો વાદગ્રંથ છે, અતિકઠિન છે, તેથી જે કાંઇ દોષ જોવામાં આવે તેને માટે ક્ષમા કરી લખી જણાવશો તો કૃપા થશે.

વિદ્વન્મંડન ગ્રંથ સંસ્કૃતમાં પ્રસિદ્ધ થઈ ચૂક્યો છે. સુવર્ણસૂત્ર સહિત બનારસ સંસ્કૃત સિરીઝમાં પ્રસિદ્ધ થઇ ચૂક્યો છે, તથાપિ આપણા ગુર્જર બંધુઓ સંસ્કૃત જાણતા ન હોય તેઓને માટે આ ગુજરાતી ભાષાંતર કરેલું છે. ગ્રંથ કઠિન હોવાથી કેવલ ભાષાંતરથી સમજ ન પડે તે માટે વિવેચન પણ નીચે કરેલું છે. માત્ર વિવેચન વાંચવાથી પણ સર્વ ગ્રંથનું જ્ઞાન થઈ શકે એવા હેતુથી વિવેચનમાં સર્વ ગ્રંથનો પ્રાયશઃ સમાવેશ કરેલો છે.

૧૯૦૭ ના માર્ચ માસમાં પ્રથમ મારા મિત્ર ભગવચ્છાસ્ત્રનિષ્ણાત મગ્નલાલ ગણપતિરામ શાસ્ત્રી એમ. એ.એ મને વિદ્વન્મંડન ગ્રંથની હરિતોષિણી ટીકાવાળી હસ્તલિખિત પ્રત આપેલી, તે વાંચવાથી અતિશય આનંદ ઉત્પન્ન થવાથી આ ગ્રંથનો લાભ સર્વ વૈષ્ણવવર્ગ લઈ શકે એવા હેતુથી ભાષાંતર કરવાનો વિચાર થયેલો. કેવલ ભાષાંતરથી હેતુ સિદ્ધ થશે નહિ એમ લાગવાથી વિવેચન કર્યું. આ ભાષાંતર તથા વિવેચન અથવા કેવલ વિવેચન ખંતથી વાંચવાથી વૈષ્ણવો સર્વ ગ્રંથ સમજી શકશે એવી માન્યતા છે. ગ્રંથ કઠિન હોવાથી એનું અધ્યયન કરવામાં ધૈર્યની આવશ્યકતા રહેશે.

વિવેચન લખવામાં દશદિગન્તવિજયી શ્રીપુરુષોત્તમજી મહારાજ–વિરચિત સુવર્ણસૂત્ર તથા શ્રીગિરિધરજીમહારાજ–વિરચિત હરિતોષિણી ટીકાઓનો આશય લીધેલો છે.* હરિતોષિણી ટીકા સહિત વિદ્વન્મંડનની હસ્તલિખિત શુદ્ધ પ્રત આપવા માટે ઉપર કહેલા મારા મિત્ર મગ્નલાલનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું. એમણે મને ભાષાંતર તથા વિવેચન સાથે મૂલ સંસ્કૃત પ્રસિદ્ધ કરવાની સૂચના કરી, પરંતુ સુવર્ણસૂત્ર સહિત મૂલ ગ્રંથ પ્રસિદ્ધ થયેલો હોવાથી મૂલ ગ્રંથનો સમાવેશ અહીં કરેલો નથી, પરંતુ મારા એ મિત્ર પોતે જ મૂલ ગ્રંથ ત્રણ સંસ્કૃત ટીકાઓ સહિત અલ્પ સમયમાં છપાવનાર છે અને એનો કેટલોક ભાગ છપાઈ પણ ગયો છે તેથી અહીં સંસ્કૃત મૂલ ગ્રંથનો સમાવેશ કર્યો નથી.

આ ભાષાંતર વિવેચન સહિત ૧૯૧૧ ના નવેંબર માસમાં સંપૂર્ણ કરેલું, અને 'પુષ્ટિભક્તિસુધા'માં ક્રમશઃ છપાવવા માંડેલું, પરંતુ એમાં ભાષાંતર અને એની સાથે જ એના નીચે એનું વિવેચન છપાઈ શકતું નહિ તેથી વાચકને વિશેષ શ્રમ પડે અને વિશેષ ધૈર્યની આવશ્યકતા રહે એમ હોવાથી સ્વતંત્રતાથી પ્રસિદ્ધ કરવાનો વિચાર થયો. મારા મિત્ર રા. રા. ઉત્સવલાલ સાંકળચંદ પરીખે ઉપોદ્ઘાત માટે શ્રીમત્પ્રભુચરણના જીવનવૃત્તાન્તની હકીકત 'કલ્લોલ'માંથી ઉતારી મને પૂરી પાડી છે એને માટે એમનો પણ આભાર માનું છું. એમણે

---

*પંચમપીઠાધીશ્વર નિ. લી. ગો. શ્રી. વલ્લભલાલજી મહારાજના વિદ્યાવિભાગ તરફથી સં. ૧૯૮૩–સન ૧૯૨૬ માં નિર્ણયસાગર પ્રેસમાં મુદ્રિત થઈ બેઉ ટીકા સાથે મૂળ ગ્રંથ પ્રસિદ્ધ થઈ ચૂક્યો છે.

મધુપુરીનિવાસી ગોસ્વામી શ્રીમદ્રમણલાલજી મહારાજની આ અનુવાદ પ્રસિદ્ધ કરવા આજ્ઞા મગાવી આપી તથા પોતાની પેઢી તરફથી દ્રવ્યનું સાહાય્ય આપવાનું પોતાને શિર રાખ્યું; તેથી આ ગ્રંથ હવે પ્રસિદ્ધ થઈ આપ વિદ્વાન વૈષ્ણવવર્ગની સમક્ષ પોતાના ગુણદોષનો નિર્ણય થવા, તથા આપ અન્ય ભાવિક વૈષ્ણવવર્ગ સમક્ષ એમને શ્રીમત્પ્રભુચરણે પ્રતિપાદન કરેલા સિદ્ધાંતો સમજાવવા અથવા એમનું સ્મરણ કરાવવા બહાર પડે છે, તેથી—

वरीवर्ति श्रद्धा श्रुतिषु यदि वा व्यासवचने
तदा विद्वांसोऽस्मद्विरचितमिदं मण्डनवरम् ।।
यथोक्तं कण्ठे वा शुकवदथवाऽर्थं च हृदये
मुदा कृत्वाऽऽयत्तं धुनुत रिपुपक्षाभिधतमः ।।

'હે વિદ્વાનો ! શ્રુતિમાં અથવા વ્યાસવચનમાં જો શ્રદ્ધા સારી હોય તો મારું રચેલું આ સુંદર મંડન જેમ કહ્યું છે તેમ શુક પેઠે કંઠમાં અથવા અર્થને હૃદયમાં આનંદથી ધારણ કરી રિપુપક્ષ નામનું ગાઢ તમ દૂર કરો.'

મોરબી,
શ્રીકૃષ્ણજયંતી, સંવત્ ૧૯૬૯ } નાનુલાલ નારાયણદાસ ગાંધી

## દ્વિતીય આવૃત્તિની પ્રસ્તાવના

આ ગ્રંથની પ્રથમ આવૃત્તિ સં. ૧૯૬૯ માં પ્રસિદ્ધ થયેલી એ સમયે શુદ્ધાદ્વૈત સિદ્ધાંત સમજવાનો હું માત્ર પ્રયત્ન કરનાર ગણાઉં. હમણાં થોડા સમય ઉપર મારા મિત્ર અને પરમ સ્નેહી શ્રી પરમાણંદદાસ રણછોડદાસ પટવારીએ મને એ તપાસી જોઈ એમાં યોગ્ય જણાય તેવા સુધારા વધારા કરી આપવા સૂચવ્યું અને એની બીજી આવૃત્તિ પ્રસિદ્ધ કરવાની વ્યવસ્થા થઈ છે એમ જણાવ્યું, છતાં પણ આ સમયે મારી આંખો તથા મગજશક્તિ નબળાં થવાથી મેં એ કાર્ય બીજા કોઈ પાસે કરાવી લેવા એમને જણાવ્યું, પરંતુ એમણે એ મારી સૂચના સ્વીકારી નહિ અને મારે જ એ કાર્ય કરવું એવો ઘણો આગ્રહ કર્યો, તેથી એમના આગ્રહને લીધે મેં પહેલી આવૃત્તિમાં સુધારા વધારા કરી આ અનુવાદ એમને આપેલો છે.

પહેલી આવૃત્તિ પ. ભ. મુરબ્બી ભાઈશ્રી ધીરજલાલ સાંકળિયાએ જોઈ ત્યારે એવી સૂચના કરેલી કે જુદા જુદા વિષયોનો આરંભ થાય ત્યાં જુદાં જુદાં મથાળાં કરવાં અને જુદા જુદા વિષયોની અનુક્રમણિકા કરી કયા પાને એ વિષયનો આરંભ થાય છે એ દર્શાવવું, જેથી વાંચનારને જે વિષય જોવાની ઇચ્છા થાય તે એને તરત જડે. આ સૂચનાનો આ આવૃત્તિમાં અમલ કરેલો છે, અને તેથી આ આવૃત્તિ વાચકોને વધારે ઉપયોગી થશે એવી આશા રાખું છું.

પહેલી આવૃત્તિ થઈ ત્યારે હું માત્ર અભ્યાસી હોવાથી અને આ આવૃત્તિ સમયે વૃદ્ધાવસ્થાને લીધે મારી આંખો તથા મગજશક્તિ બરાબર ન હોવાથી આ અનુવાદમાં ભૂલો હશે તે સુજ્ઞ વાચકો સુધારી વંચશે અને ભૂલો કરવા માટે મને ક્ષમા કરશે એવી આશા રાખું છું.

સં. ૨૦૧૮ આશ્વિન શુક્લ ૪,
ધંધુકા
તા. ૨૪-૯-૬૦ }
દાસાનુદાસ
નાનુલાલ નારાયણદાસ ગાંધી

## ॥ श्रीगोकुलेशो विजयते ॥

# ઉપોદ્‌ઘાત

આચાર્યચક્રચૂડામણિ અખિલભૂમંડલાચાર્યવર્ય શ્રીમદ્વૈશ્વાનરાચાર્યના દ્વિતીય પુત્ર શ્રીમદ્વિઠ્ઠલેશપ્રભુચરણે આ વિદ્વન્મણ્ડન ગ્રંથ રચેલો છે. શ્રીમદાચાર્યચરણનું જીવનચરિત્ર ગુજરાતી ભાષામાં પ્રસિદ્ધ થઈ ચૂક્યું છે, પરંતુ એમના દશદિગન્તવિજયી યશસ્વી દ્વિતીય પુત્ર શ્રીમદ્વિઠ્ઠલેશપ્રભુચરણનું જીવનચરિત્ર અદ્યાપિ પર્યંત પ્રસિદ્ધ થયું નથી, એટલું જ નહિ, પરંતુ એમના જીવનચરિત્ર વિશે વિશેષ હકીકત મળી શકતી નથી એ શોચનીય છે. પરંતુ આપણા વૈષ્ણવોના સદ્‌ભાગ્યે શ્રીમદ્વિઠ્ઠલપ્રભુચરણના ચતુર્થ પુત્ર શ્રીમદ્‌ગોકુલનાથના અનન્ય ભક્ત વ્યારાના ગોપાલદાસજીએ 'શ્રીગોકુલેશલીલારસાબ્ધિક્રીડાકલ્લોલ' નામનો ગ્રંથ રચેલો છે તેમાં શ્રીમદ્વિઠ્ઠલપ્રભુચરણના જીવનચરિત્રની પણ ઘણી હકીકત આપેલી છે. એને આધારે આ ગ્રંથના કર્તા શ્રીમત્પ્રભુચરણનું જીવનચરિત્ર ટૂંકમાં નીચે આપેલું છે. વિશેષ જિજ્ઞાસુ વૈષ્ણવોએ ઉપર કહેલા ' કલ્લોલ ' ગ્રંથનું અવલોકન કરવું.

આંધ્ર દેશમાં સ્વચ્છ અને પવિત્ર સ્થલ કાંકરકુંભ ગામમાં કાંકરવાર નામે પવિત્ર બ્રાહ્મણ રહેતો હતો. એના વંશમાં મહાવેદપાત્ર યજ્ઞનારાયણ થયા. એઓ સોમયજ્ઞ કરતા, અને વેદમાં એમને સંશય થાય ત્યારે રાત્રે નદીતટે વેદ સ્વયં એમને સાક્ષાત્ દર્શન આપી એમના સંશય દૂર કરતા. એમના કુલમાં ગંગાધર સોમયાજી થયા, અને એમના પુત્ર ગણપતિ ભટ્ટને ત્રણ સ્ત્રીઓ અને દરેક સ્ત્રીથી ત્રણ ત્રણ પુત્ર હતા. એમના જ્યેષ્ઠ પુત્ર વલ્લભ ભટ્ટને લક્ષ્મણ ભટ્ટ નામે પુત્રરત્ન પ્રાપ્ત થયું. લક્ષ્મણ ભટ્ટને ત્રણ પુત્ર હતા : ૧ નારાયણ ભટ્ટ, ૨ શ્રીવલ્લભ, ૩ રામકૃષ્ણ. રામકૃષ્ણને પંડિતોએ વિષ દીધું અને નારાયણ ભટ્ટ સંન્યાસી થઈ કેશવપુરી નામ ધરી વિચરવા લાગ્યા.

### શ્રીમદ્વલ્લભાચાર્ય

શ્રીમદાચાર્યચરણનું જીવનચરિત્ર પ્રસિદ્ધ થયેલું હોવાથી અહીં માત્ર સંક્ષેપથી કહીશું. લક્ષ્મણ ભટ્ટ પોતાનાં પત્ની ઈલ્લમાગારુ સાથે પ્રયાગ નિવાસ કરવા જતા હતા ત્યાં માર્ગમાં ચંપારણ્યમાં ભીમરથી નદીના તીરે ચૌડા ગામમાં ઊતર્યાં. ત્યાં વિક્રમાર્ક સં. ૧૫૨૯ના *વૈશાખ (ગુજ. ચૈત્ર) વદ ૧૧ શનિવારે સાતમે માસે 'આનંદમાત્રકરપાદમુખોદરાદિ, પરમ રસિકવર' શ્રીગોકુલેશજીએ સ્વતંત્ર લીલારસમાંથી કૃપાવશાત્ ભૂતલ પર લીલારસનો વિસ્તાર કરવા સ્વકીય આસ્યરૂપે શ્રીમદાચાર્યચરણ શ્રીમદ્વલ્લભાચાર્યનું પ્રાકટ્ય કરાવ્યું. ત્યાં લક્ષ્મણ ભટ્ટે જાતકર્મ નામકરણ વગેરે વિધિ કરી, પ્રયાગ જઈ નિવાસ કર્યો. શ્રીમદાચાર્યચરણે બનારસ (કાશી)માં વિદ્યાવિલાસ ભટ્ટાચાર્ય પાસે શ્રુતિ સ્મૃતિ તથા શ્રીમદ્‌ભાગવત વગેરે પુરાણોનો અભ્યાસ કર્યો, અને પછી ભાષ્યનું અધ્યયન કરવા દક્ષિણ સરસ્વતીભંડારમાં પધાર્યા. પછી સ્વપ્રાકટ્યના પ્રયોજનનો વિચાર કરી શ્રીગોકુલ પધાર્યા, અને ત્યાંથી સં. ૧૫૪૫ના માઘ વદ ૯ અન્યોર

* વ્રજમાં શાલિવાહન શક પેઠે ચૈત્રમાસથી સંવત બદલે છે અને પૂર્ણિમાથી માસ બદલે છે. ગોપાલદાસજીએ પોતાના ગ્રંથમાં વ્રજની તિથિઓ આપેલી છે તે જ અહીં મૂકેલી છે. એ ઉપરથી ગુજરાતી તિથિઓ પણ સહેલાઈથી મળી આવશે.

સદુપાંડેને ઘેર પધારી શ્રીગોવર્ધનનાથજીને પાટ બેસાડ્યા. પછી માર્ગ પ્રકટ કરવા કુરુક્ષેત્ર પધાર્યા. ત્યાં દામોદર હરસાણી, રજો ક્ષત્રિયાણી, વામનદાસ અને વિદ્યાદાસ એ ચાર પ્રથમ શરણ આવી વૈષ્ણવ થયાં. પછી શ્રીમદાચાર્યચરણે બનારસ પધારી દેવન ભટ્ટની કન્યા અક્કાજીનું પાણિગ્રહણ કર્યું. ત્યાં વિશ્વેશ્વરે પત્ર બાંધી ૨૭ દિવસ વાદ કરી સમર્થ પંડિતોને જીતી, માયાવાદનું ખંડન કર્યું. પછી વિદ્યાનગર કૃષ્ણરાયની સભામાં ૧૬ દિવસ વાદ કરી પાખંડમતનું ખંડન કરી, બ્રહ્મવાદનું સ્થાપન કર્યું. ત્યાંથી કાવેરી, રંગનાથ, કસ્તૂરીરંગ, શ્વેતબિંદુ રામેશ્વર, પંઢરપુર, દ્વારિકા, પુષ્કર, મથુરા, વૃંદાવન વગેરે સ્થળોએ થઈ શ્રીગોકુલ પધાર્યા. ત્યાં શ્રાવણ સુદ ૧૧ ની મધ્યરાત્રિએ શ્રીઠાકુરજીએ સાક્ષાત્ પ્રકટ થઈ, જીવોને નિર્દોષ કરવા બ્રહ્મસંબંધ કરાવવાની આજ્ઞા કરી (જુઓ સિદ્ધાંતરહસ્ય). ત્યારથી નિવેદન કરાવવાનો પ્રારંભ કર્યો. ત્યાંથી કુરુક્ષેત્ર, હરદ્વાર, બદરીનારાયણ, સોરમ, કાન્યકુબ્જ, મંદરાચલ, રાજમહાલ, કોટિમંગલ થઈ જલમાર્ગે જગન્નાથ પધાર્યા. એ પ્રમાણે નવ વર્ષથી અધિક સમય પરિક્રમા કરી, કાશી પધારી, અક્કાજીને આણું વાળી પ્રયાગ પધારી, ગૃહસ્થાશ્રમ અંગીકાર કર્યો. અહીં ઘણા ગ્રંથો રચ્યા, શ્વસુરપક્ષથી શ્રીગોકુલેશજીના સ્વરૂપની પ્રાપ્તિ થઈ. સં. ૧૫૭૦ આશ્વિન સુદ ૧૦ ના રોજ જ્યેષ્ઠપુત્ર શ્રીગોપીનાથજીનું પ્રાકટ્ય થયું.

સં. ૧૫૭૨ ના પોષ વદ ૯ શુક્રવારે હસ્તનક્ષત્રમાં, શોભન યોગમાં, તૈતિલ કરણમાં સૂર્યોદય પછી ૨૧ ઘટિકા ૨૫ પલે શ્રીમદ્વિઠ્ઠલપ્રભુચરણનું પ્રાકટ્ય થયું. શ્રીમદાચાર્યચરણે શ્રીગોપીનાથજી તથા શ્રીવિઠ્ઠલનાથજીને ચરણાટમાં યજ્ઞોપવીત દીધું, અને બનારસ માધવ સરસ્વતીને ત્યાં અધ્યયન કરવા મૂક્યા. પછી શ્રીમદાચાર્યચરણે અડેલ પધારી વિશ્વનાથ ભટ્ટ અને એમનાં પત્ની ભવાનીની કન્યા શ્રીરુક્મિણીજી સાથે શ્રીવિઠ્ઠલનાથજીનો વિવાહ કર્યો. પછી શ્રીમદાચાર્યચરણે દશમસ્કંધ સુબોધિનીજી પૂરાં કર્યાં તથા એકાદશનો પ્રારંભ કર્યો. પછી અંતઃકરણપ્રબોધ ગ્રંથ રચ્યો. પછી નિકટ ગમનની આજ્ઞા થવાથી શ્રીવિઠ્ઠલનાથજીને પોતાના કંઠની માલા પહેરાવી આજ્ઞા કરી કે માર્ગનો સિદ્ધાંત તથા સંદેહ પદ્મનાભદાસને પૂછજો. આ પ્રમાણે પોતાનું સામર્થ્ય શ્રીપ્રભુચરણને અર્પણ કરી, શિક્ષા આપી, સંન્યાસ ગ્રહણ કર્યો અને સં. ૧૫૮૭ ના આષાઢ સુદ તૃતીયાએ ભૂતલ પર ૫૮ વર્ષ, ૨ માસ, ૭ દિવસ વિરાજી ગંગાતીરે પ્રભુનિકટ પધારવા વિજય કર્યો.

## શ્રીમદ્વિઠ્ઠલપ્રભુચરણ

શ્રીમદાચાર્યચરણે વિજય કર્યા પછી, શ્રીમત્પ્રભુચરણ પિતાની આજ્ઞાને અનુસરી અડેલમાં રહી સેવા કરતા. ત્યાં જે જે પંડિતો વાદ કરવા આવ્યા તેઓને જીત્યા. ત્યાં હરિવંશજી ક્ષત્રિય શરણ આવ્યા. શ્રીમત્પ્રભુચરણને બે પત્ની હતાં: (૧) શ્રીરુક્મિણીજી, (૨) શ્રીપદ્માવતીજી. પ્રથમ પત્ની શ્રીરુક્મિણીજીથી એમને નવ પુત્ર તથા નવ પુત્રીની પ્રાપ્તિ થઈ, પરંતુ એમાંથી ત્રણ પુત્રોએ બાલ્યાવસ્થામાં લીલા કરી હતી, અને શ્રીરુક્મિણીજીએ ગઢામાં લીલા કરી ત્યારે પુત્રીઓમાંથી માત્ર ચાર જ રહી હતી.

શ્રીમત્પ્રભુચરણનાં બાકીનાં ૭ પુત્રરત્ન તથા ચાર પુત્રીઓનાં નામ નીચે પ્રમાણે:

| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રીગિરિધરજી | પ્રાદુર્ભાવ | સં. ૧૫૯૭ કાર્તિક સુદ ૧૨ |
| ૨ | શ્રીગોવિંદરાયજી | ,, | ,, ૧૫૯૯ માર્ગશીર્ષ વદ ૮ |

૩ શ્રીબાલકૃષ્ણજી પ્રાદુર્ભાવ સં. ૧૬૦૬ આશ્વિન વદ ૧૩
૪ શ્રીગોકુલનાથજી ,, ,, ૧૬૦૮ માર્ગશીર્ષ સુદ ૭
૫ શ્રીરઘુનાથજી ,, ,, ૧૬૧૧ કાર્તિક સુદ ૧૨
૬ શ્રીયદુનાથજી ,, ,, ૧૬૧૩ ચૈત્ર સુદ ૬

૧ શોભાજી ૩ કમલાજી
૨ યમુનાજી ૪ દેવકીજી

આ સિવાય પદ્માવતી વહુજીથી સપ્તમ પુત્ર શ્રીઘનશ્યામજીની પ્રાપ્તિ થઈ હતી, સં. ૧૬૨૮ માર્ગશીર્ષ વદ ૧૩.

સં. ૧૬૧૫ ચૈત્ર સુદ ૬ શુક્રવારે શ્રીગોકુલનાથજી (શ્રીવલ્લભને) ઉપવીત દીધું. ત્યાર-પછી શ્રીમત્પ્રભુચરણ અડેલથી દ્વારકા પધાર્યા. ત્યાંથી પાછા આવી કર્ણાટકના ઉપાધ્યાય નારાયણ ભટ્ટને બાળકોને વેદાભ્યાસ કરાવવા રાખ્યા. સં. ૧૬૧૬ મહા વદ ૧૩ શ્રીમત્પ્રભુ-ચરણ પોતાની સાથે શ્રીરુક્મિણીજી શોભાજી અને ગિરિધરજીને લઈ જગન્નાથપુરી પધાર્યા. ત્યાં રથોત્સવ કરી પાછા અડેલ પધાર્યા.

## પ્રવાસ-વર્ણન

અડેલમાં બુધનો તારો પીત ઊગ્યો, તેથી શ્રીમત્પ્રભુચરણે જાણ્યું કે અહીં ઉપદ્રવ થશે. એવામાં અકબરના સેનાપતિ સાથે અડેલના રાજાને યુદ્ધ થયું અને ગામમાંથી સર્વે અકસ્માત્ નાસવા લાગ્યું. શ્રીબાલકૃષ્ણજી શ્રીવલ્લભ શ્રીરઘુનાથજી ત્રણે બાળકો ગડુઓ લઈ એ મિષથી બહાર નીકળ્યા અને જેમતેમ ત્રણ કોસ દૂર એક નટશાલામાં ઊતર્યા. ત્યાં રાત્રિએ શ્રીમત્પ્રભુ-ચરણ સમૂહ-સહિત આવી પહોંચ્યા ત્યારે સર્વેએ ભોજન કર્યું. ત્યાંથી અકબરપુર આવી થોડા દિવસ રહ્યા. ત્યાંથી ચાલતાં માર્ગમાં શ્રીગિરિધરજી માંદા પડવાથી નજીકના ગામડામાં રહેવાની જરૂર પડી. ત્યાંથી ખડક આવી અઢી માસ રહ્યા ત્યાંથી રાજા રામચંદ્રને ગામ વાંધા પધાર્યા.

રાજા રામચંદ્ર ઘણો ઉદાર, દયાવાન અને ધર્માત્મા હતો. એ વારંવાર શ્રીમત્પ્રભુચરણ પાસે અડેલ આવતો. શ્રીમત્પ્રભુચરણ સપરિવાર વાંધા પધારે છે એમ સાંભળી એ સામો આવ્યો અને એમની સાથે પગે ચાલી પોતાને ત્યાં પધરાવી ગયો. અહીં શ્રીગિરિધરજીને પુત્ર જન્મ્યો. વાંધાથી સં. ૧૬૧૯ માં વિજય કર્યો. ત્યાંથી રાણી દુર્ગાવતીને ગામ ગઢા પધાર્યા.

રાણી દુર્ગાવતી ઘણી પરાક્રમી હતી. એને ઉમરાવો 'દુર્ગશાહ' કહેતા. એને તાબે ૫૨ ગઢ હતા. એના રાજ્યમાં ઉમરાવ ઉપરાંત બ્રાહ્મણ ભાટ વગેરે રાણીના યાચકવર્ગને ત્યાં પણ હાથીઓ હતા. એના રાજ્યમાં કોઇ લોભી પાપી અથવા દરિદ્રી ન હતું. શ્રીમત્પ્રભુચરણે અહીં પધારી ગામ પાસે જમનિયું તળાવ હતું તેની સમીપ મુકામ કર્યો. સેવાના સૌકર્ય માટે નવાં મકાન બંધાવ્યાં. રાણી શ્રીમત્પ્રભુચરણનાં દર્શન કરવા આવી, અને દંડવત્ પ્રણામ કર્યા.

અહીં આષાઢ સુદ ૧ પુષ્ય નક્ષત્રમાં શ્રીમત્પ્રભુચરણે ઘણા વૈભવથી રથોત્સવ કર્યો. જગન્નાથપુરી પેઠે ૧૬ પાયાનો મોટો રથ ઘડાવ્યો અને નગરમાં મોટા વૈભવસહિત એ ફેરવ્યો.

એક સમય રાણીએ શ્રીમત્પ્રભુચરણને પોતાને ઘેર પધરાવ્યા. ત્યાં શ્રીમત્પ્રભુચરણ તથા શ્રીવલ્લભની સમક્ષ બ્રહ્મદાસે "**कर मुरली कटिग्रीव कुटिल कीए अंगनागन घेरे**" પદ ગાયું. શ્રીમત્પ્રભુચરણે પ્રસન્ન થઈ એને પુનઃ અન્ય પદ ગાવાની આજ્ઞા કરી, ત્યારે એણે

**“ब्रह्मदास प्रभुसों मन मिल गयो ज्यों साकरमें बुंद समानी”** ગાયું, તેથી પ્રસન્ન થઈ શ્રીમત્પ્રભુચરણે પોતાની પહેરેલી ડગલી એને આપી. એ સદા ત્યાં શ્રીમત્પ્રભુચરણ પાસે આવતો. શ્રીમત્પ્રભુચરણ ત્યાંથી પધાર્યા પછી એ અકબર બાદશાહ પાસે ગયો અને ત્યાં એમનો મિત્ર થઈ 'બિરબલ' નામથી પ્રસિદ્ધ થયો. શ્રીમત્પ્રભુચરણની કૃપાથી જગતમાં એની પ્રતિષ્ઠા પ્રસરી.

અહીં શ્રીરુકિમણીજીએ લીલા કરી. શ્રીમત્પ્રભુચરણની પુનઃ વિવાહ કરવાની ઇચ્છા ન હતી, પરંતુ રાણી દુર્ગાવતીએ અતિશય આગ્રહ કરવાથી કૃષ્ણરાયની કન્યા પદ્માવતીજી સાથે સં. ૧૬૨૦ ના વૈશાખ સુદ ૩ ના રોજ ગોરજ સમયે લગ્ન કર્યું.

શ્રીમત્પ્રભુચરણ ત્રણ વર્ષ ગઢામાં વિરાજ્યા, પછી દુર્ગાવતી રાણી પાસે ગંગાતીરે પધારવા માટે વિદાયગીરી માગી. સં. ૧૬૨૧ માં ગઢેથી શ્રીમત્પ્રભુચરણ અકબરપુર પધાર્યા. ગંગાજી ત્યાંથી ત્રણ ગાઉ દૂર હતાં ત્યાંથી જલ આવતું. એ પ્રમાણે અકબરપુરમાં દોઢ માસ રહી ત્યાંથી કોરતા પધાર્યા અને ત્યાંથી મહાવન પધાર્યા. મહાવનમાં ત્યાંના ભોમિયા તથા ચોધરી ભોગ વ્યાસ, આધો વ્યાસ, કૃષ્ણદાસ, મિત્રસેન વગેરે સામા આવ્યા. ત્યાંથી દેવન ત્રવાડીને મુહૂર્ત પૂછી સં. ૧૬૨૨ ના ભાદ્રપદ વદ ૪ ના રોજ શ્રીગોકુલ પધાર્યા.

## શ્રીગોકુલ તથા મથુરાનિવાસ

શ્રીમદાચાર્યચરણ પ્રતિવર્ષ જ્યારે શ્રીગોકુલ પધારતા ત્યારે એક કોઠો કરી રાખ્યો હતો ત્યાં નિવાસ કરતા. ત્યાં નાઉ હથુઓ અને કેશવ પિતાપુત્ર તથા ઊધા અને કમલા સાસુવહુ તથા લલિયા માલણ અલૌકિક સ્થળ જાણી રહેતાં અને કોઠાની તથા ગાયોની રક્ષા કરતાં. શ્રીમત્પ્રભુચરણે એ કોઠામાં નિવાસ કર્યો. ત્યાંથી શ્રીવલ્લભને સાથે લઈ શ્રીગોવર્ધનપૂજા કરવા પધાર્યા. શ્રીગોવર્ધનનાથજી સામા પધાર્યા. ત્યાં મંદિરે જઈ અનેક વાત્સલ્ય કર્યાં. જન્માષ્ટમીનો ઉત્સવ પણ શ્રીમત્પ્રભુચરણે ત્યાં કર્યો. એ સમયે શ્રીગોકુલમાં શ્રીગિરિધરજીએ નંદમહોત્સવ કરી, મહાવનના ભોમિયાઓ દર્શન કરવા આવ્યા હતા તેમના પર દહીં છાંટ્યું તેથી એઓની સાથે કલેશ થયો, અને એઓ દ્વેષ કરવા લાગ્યા. શ્રીમત્પ્રભુચરણ શ્રીગોકુલ પધાર્યા ત્યારે એ વૃત્તાંત જાણવામાં આવ્યો. એવામાં સાથમાંના એક માણસને ત્યાં ચોરી થઇ તેથી શ્રીમત્પ્રભુચરણે મથુરાજી રહેવાનો નિશ્ચય કર્યો. મહાવનના ભોમિયાઓએ ચોરી નહિ થવા દેવા તથા ચોકી કરવા કહ્યું અને શ્રીગોકુલમાં રહેવા આગ્રહ કર્યો, પણ મથુરાજીથી ઉજાગર ચોબો, શ્રવણ ચોધરી અને કપૂર ક્ષત્રિય પધરાવવા આવ્યા હતા તેથી શ્રીમત્પ્રભુચરણ કાર્તિક સુદ ૧૧ ના રોજ મથુરાજીમાં કપૂર ક્ષત્રિયની હવેલીમાં પધાર્યા. અહીં શ્રીવલ્લભ વગેરે બાળકો શિવદત્ત ભટ્ટને ત્યાં વેદનું અધ્યયન કરવા જતા હતા.

છિત્સ્વામી મથુરાજીના ચોબા હતા, અને 'છતુ ચોબા' કહેવાતા હતા. એમને ચાર મિત્ર હતા. પાંચે મિત્રમાં અગ્રણી છિતુ ચોબા હતા. એ મિત્રોએ એક વાર વિચાર કર્યો કે ગુસાંઈ (શ્રીમત્પ્રભુચરણ) ટોનાટમના કરે છે તેથી એક વાર એમની પાસે જઈએ. આવો વિચાર કરી પાંચે મિત્ર એક ખોટો રૂપિયો તથા એક ખોટું શ્રીફલ લઈ શ્રીમત્પ્રભુચરણ પાસે આવ્યા. ચાર મિત્ર બહાર રહ્યા અને છિતુ ચોબા અંદર જઈ શ્રીમત્પ્રભુચરણને દંડવત્ પ્રણામ કરી બેઠા. શ્રીમત્પ્રભુચરણે એમની મનોવૃત્તિ જાણી શ્રીફલ ત્યાં જ ફોડ્યું ત્યારે એમાંથી કાચું દૂધ ઝર્યું તથા સુંદર ટોપરું નીકળ્યું. છિતુ આ ચમત્કારથી શરણ આવ્યા અને બહાર જઇ એના

ચાર મિત્રોને 'મને પણ ટોના લાગ્યો છે તેથી તમે જતા રહો' એમ કહ્યું. પછી એ શ્રીમત્પ્રભુચરણ પાસે રહેવા લાગ્યા અને કીર્તન કરતા.

સં. ૧૬૨૩ માં શ્રીમત્પ્રભુચરણ દ્વારકા પધાર્યાં. આ પ્રમાણે શ્રીમત્પ્રભુચરણ ગુજરાતમાં હતા ત્યારે શ્રીનાથજી ફાગણ વદ ૭ ના રોજ શ્રીગોવર્ધનથી મથુરાજી પધાર્યાં એનું વર્ણન 'પ્રાકટ્યસિદ્ધાંત'માં નીચે પ્રમાણે કરેલું છે:

डर अरु भय कछुए नहि पहले कछु न सूनी बातजी,
श्रीगोवर्धननाथजी हमारे घेर आये हे अकस्मातजी;
हम तो तब भीतर हते दादा सन्मुख जाय लागजी,
पछवाडेके भींत फोडके मंदिरमे पौधारेजी.
मास अढाइ यहां रहे हे वे सुखको नहि पारजी,
उदय अस्त जान्यों नहि काहु एसो भयो प्रकारजी;
श्रीगुसांइजीए पत्र पठायो कछु संकोच न करिओजी,
तुमथे होय आवे जो जो कछु करनो होय सो करिओजी.

એ પ્રમાણે શ્રીનાથજી મથુરામાં બે માસ અને એકવીસ દિવસ વિરાજી નૃસિંહજયંતીને દિવસે શ્રીગોવર્ધન પધાર્યાં. પછી સં. ૧૬૨૪ આષાઢ વદ ૨ ના રોજ શ્રીમત્પ્રભુચરણે શ્રીવલ્લભનું લગ્ન વેણા ભટ્ટની પુત્રી શ્રીપાર્વતીજી સાથે મથુરાજીમાં ઘણા વૈભવથી કર્યું.

પટણાના દાઉદ બાદશાહ સાથે અકબરને વિગ્રહ થયો ત્યારે સેનાનું આધિપત્ય રાજા ટોડરમલ્લને આપ્યું. રાજા ટોડરમલ્લ યુદ્ધ માટે પ્રયાણ કરતી વખતે શ્રીમત્પ્રભુચરણ પાસે આજ્ઞા લેવા આવ્યો ત્યારે શ્રીમત્પ્રભુચરણે એને પોતાનું પહેરેલું પીતાંબર આપ્યું. આ પીતાંબર શ્રદ્ધાપૂર્વક માથે બાંધી રાજાએ યુદ્ધ કર્યું તેમાં એનો વિજય થયો. આ સમયથી રાજા ટોડરમલ્લ શ્રીમત્પ્રભુચરણ અને એમની સંતતિને સન્મુખ રહેતો.

શ્રીમત્પ્રભુચરણનો વૈભવ જોઈ મથુરાજીના બ્રાહ્મણો ઘણો દ્વેષ રાખતા. અહીં વૈષ્ણવો ઘણા આવે તેથી જલ બહુ વપરાય, તેનો પ્રવાહ ગતશ્રમ ઉપર કપૂર ક્ષત્રિયની હવેલીથી વિશ્રાન્ત ઘાટ સુધી વહે, તેથી કાદવનું મિષ કરી બ્રાહ્મણો નિરંતર તકરાર કરવા લાગ્યા. બધાંનું સૌકર્ય જોઈ ચાંપાભાઈએ શ્રીગોકુલ પધારવાની વિનંતિ કરી. શ્રીમત્પ્રભુચરણ શ્રીગોકુલથી મથુરાજી પધાર્યાં પછી ત્યાંના ચોધરીઓમાં ક્લેશ થવાથી, ક્લેશનું કારણ પણ શ્રીમત્પ્રભુચરણ એમનાથી કંટાળી મથુરાજી પધારેલા એ જ હોવું જોઈએ એમ જાણી એઓ પણ મથુરાજી આવ્યા, અને શ્રીગોકુલ પધારવાની વિનંતિ કરી, તેથી સં. ૧૬૨૮ ફાગણ વદ ૭ ના રોજ શ્રીગોકુલમાં અચલ નિવાસ કર્યો. મહાવનના ચોધરીઓએ કર્ણવેધ ઉદ્યાન ફલફૂલસમેત ભેટ કર્યું. પછી જલઘર ફૂલઘર તોષાભંડાર વગેરે મંદિરો બંધાવ્યાં. ગોશાલા અશ્વશાલા વગેરે બંધાવ્યાં. વિદ્વન્મણ્ડનમાં પોતે જેવું શ્રીગોકુલનું સ્વરૂપ વર્ણવ્યું છે તેવા શ્રીગોકુલમાં નિવાસ કર્યો.

શ્રીમત્પ્રભુચરણ ચાતુર્માસની એકાદશી નિરાહાર કરતા અને સર્વ બાળકોને ફલાહાર કરવા આજ્ઞા કરતા. પિતૃભક્તિપરાયણ શ્રીવલ્લભ દ્રાક્ષનો એક કણ લઈ, દાંતથી દાબી કાઢી નાખતા, અને દૂધમાં અંગુલિ બોળી એક ટીપું મુખમાં મૂકતા, અને શ્રીમત્પ્રભુચરણ ફલાહાર

કર્યાનું પૂછે તો ‘દૂધ ઓર દ્રાક્ષ લીની’ એમ ઉત્તર આપતા. એક વાર સત્યાજીને ‘ શ્રીવલ્લભે
ફલાહાર કર્યો ?’ એમ પૂછતાં શ્રીમત્પ્રભુચરણે સર્વ વૃત્તાન્ત જાણ્યો, ત્યારથી નિરાહાર એકાદશી
નહિ કરતાં શ્રીવલ્લભ વગેરેને સાથે લઈ ફલાહાર કરતા.

જ્યારે શ્રીમત્પ્રભુચરણ ગ્રંથ લખતા ત્યારે શ્રીવલ્લભને દેખાડતા. શ્રીવલ્લભ જો પોતાને
એમાં સંદેહ રહે તો ‘આપ લેખન વિચારી કરત હો’ એમ કહે, અને જો સંદેહ ન રહે તો
‘બહોત નીકો હે’ એમ કહે. એક વાર શ્રીમત્પ્રભુચરણે શ્રીયમુનાષ્ટકની વિવૃતિ રચતાં **मुकु-**
**न्दरतिवर्द्धिनी** શબ્દની ટીકા શ્રીવલ્લભ પાસે કરાવી. એ સાંભળી શ્રીમત્પ્રભુચરણ ઘણું
પ્રસન્ન થયા અને બાકીની વિવૃતિ શ્રીવલ્લભ પાસે જ કરાવી.

શ્રીગોવર્ધનનાથજીની આજ્ઞાનુસાર સજ્યામંદિર તથા જગમોહન કરાવવાનો શ્રીમત્પ્રભુચરણે
વિચાર કર્યો. શ્રીમદાચાર્યચરણની દેવું કરવું નહિ એવી આજ્ઞા હતી, પરંતુ ગુરુની
આજ્ઞા પ્રમાણે સેવા કરવી, એમાં વિશેષ આજ્ઞા શ્રીહરિ કરે તે પ્રમાણે આચરણ કરવું, એમાં
ગુરુની આજ્ઞાનો બાધ નથી, એ સિદ્ધાન્ત પ્રમાણે દેવું કરીને પણ સજ્યામંદિર તથા જગ-
મોહન કરાવવા નિશ્ચય કર્યો, અને સં. ૧૬૩૦ માં એ કાર્યનો પ્રારંભ કર્યો. આ કાર્ય માટે
શ્રીવલ્લભને શ્રીગોવર્ધન રાખ્યા. મંદિર પૂર્ણ થયું ત્યારે સોમા જોશી પાસે મુહૂર્ત જોવરાવ્યું.
માધવદાસ છીપીએ મુહૂર્તમાં ચૂક દર્શાવી તે સુધારી પુનઃ મુહૂર્ત જોશીએ જોયું તે પ્રમાણે
મંદિરમાં શ્રીનાથજીને પધરાવ્યા.

શ્રીમત્પ્રભુચરણ જન્માષ્ટમીનો ઉત્સવ કોઈ સમય શ્રીગોકુલમાં કરે અને કોઈ સમય
શ્રીગોવર્ધનમાં કરે. શ્રીગોવર્ધનનાથજીના મંદિરમાં કીર્તન થયા પછી મોટા કૂવા પાસે નિંબતળે
નંદમહોત્સવ કરતા. યશોદાજી નંદરાયજી ગોપી વગેરેને પોતે શૃંગારે અને પહોર દોઢ પહોર
દિવસ ચડે ત્યાંસુધી દહીંથી નંદમહોત્સવ કરતા. એમાં આસપાસના ગામના વ્રજવાસીઓ
પણ ભાગ લેવા આવતા.

શ્રાવણ વદ ૧૨ ના રોજ શ્રીમત્પ્રભુચરણ શ્રીવલ્લભને સાથે લઈ વનયાત્રા કરવા મથુ-
રાજી પધાર્યા. ઉજાગર ચોબાએ ભૂતેશ્વરથી વનયાત્રાનો પ્રારંભ કરવા કહ્યું પણ શ્રીમત્પ્રભુચરણ
ભૂતેશ્વર પધાર્યા નહિ અને જન્મસ્થાનથી પરિક્રમાનો પ્રારંભ કર્યો. આ પરિક્રમામાં શ્રીમત્પ્રભુ-
ચરણ સાથે હરિવંશજી, પીતાંબરદાસ ખવાસ, કહાનો મહેતો ભંડારી, પવો ત્રવાડી, ગોપીનાથ-
દાસ, કહાનદાસ, કુંભનદાસ, વિસલનગરના કેશવદાસ, ઝુંઝા મ.રુના પુત્ર, કેશવ ભટ્ટ, રૂપો
રજપૂત, મુરારિદાસ, શ્રીગોકુલના કીર્તનિયા કૃષ્ણદાસ, વનમાલી, મથુરાજીના રામદાસ વગેરે
વૈષ્ણવો હતા. આ વનયાત્રાનું પણ સવિસ્તર વર્ણન ‘પ્રાકટ્યસિદ્ધાંત’માં છે.

શ્રીમત્પ્રભુચરણ ૭ વાર દ્વારિકાને મિષે ગુજરાત પધાર્યા : (૧) પ્રથમ અડેલથી ગુજરાત
પધાર્યા, (૨) સં. ૧૬૧૩ માં પુનઃ અડેલથી ગુજરાત પધાર્યા, (૩) સં. ૧૬૧૯ માં ગઢાથી
પધાર્યા, (૪) સં. ૧૬૨૩ માં મથુરાજીથી પધાર્યા, (૫) સં. ૧૬૩૧ માં શ્રીગોકુલથી પધાર્યા,
(૬) સં. ૧૬૩૮ માં પધાર્યા. એ પ્રમાણે ૭ વાર ગુજરાત પધાર્યા.

શ્રીમત્પ્રભુચરણે શ્રીગિરિધરજીના આગ્રહથી માત્ર બે જ લૌકિક કાર્યમાં ભાગ લીધો
હતો : (૧) રણથંભોર લાડબાઈના ઠાકોર રાજાને ત્યાં પાટ બેસાડવા પધાર્યા, (૨) રાજા

આ બે લૌકિક કાર્યની
રામચંદ્ર ગોકુલ આવ્યો ત્યારે ત્યાં એને લેવા સામા પધાર્યા.
શ્રીમત્પ્રભુચરણને નિરંતર ગ્લાનિ રહેતી.
શ્રીમત્પ્રભુચરણે શ્રીઠાકુરદ્વારમાં એક દિવસ રાજભોગ પછી ઉદ્યાનમાં પધારી ચતુર્થાશ્રમનો
વિચાર કરી વસ્ત્ર રંગવા માંડ્યાં, ત્યારે રામદાસ ભિતરિયા કમંડલુ લઈ આવ્યા અને 'અમે
શ્રીનાથજીને જાણતા નથી, પણ આપને જાણીએ છીએ, તેથી આપ આમ કરશો તો અમે
પણ એમ કરીશું. એમાં અમને દોષ આપશો નહિ. આપને આમ કરવાની આવશ્યકતા
નથી' વગેરે કહ્યું. શ્રીમત્પ્રભુચરણે ભગદીયનું વચન ભગવદાજ્ઞાવત્ ગણ્યું અને મનથી ચતુર્થ
આશ્રમની રીતિ ધારણ કરી તામ્બૂલ તેલ વગેરે સુખદ વસ્તુનો ત્યાગ કર્યો. પ્રાયશઃ સંભાષણ
કરે નહિ અને વ્યસનત્વે ભગવન્નામનો ઉચ્ચાર કર્યા કરે.

ખંભાતના
એક સમય શ્રીમત્પ્રભુચરણે શ્રીગોકુલમાં ધણિગોરના કેશવ જાની અને
જીઉભાઇને બોલાવી, ગુજરાતના વૈષ્ણવોને સાથે લઈ પોતાને દેશ વિદાય થવાની આજ્ઞા કરી.
પછી શ્રીવલ્લભને બોલાવી શ્રીનવનીતપ્રિયાજી સોંપ્યા, અને 'શ્રીઘનશ્યામ તુમેરી ગોદ હે, ઇનકી
રક્ષા સર્વદા તુમ કરિયો' એવી આજ્ઞા કરી, શ્રીગિરિધરજી તથા શોભાજીને સાથે લઈ શ્રીજી-
દ્વાર પધાર્યા. સમય ઉપર શ્રીવલ્લભને શ્રીગોકુલથી બોલાવ્યા, અને પર્વત પર જઈ, નિજ
મંદિરમાં જઈ, શ્રીનાથજી તથા સ્વમાર્ગીય ગ્રંથો શ્રીવલ્લભને દર્શાવી 'યહ તુમેરી વસ્તુ હે
ઓર તુમકો સબ સોંપત હૂં" એમ કહ્યું. પછી પર્વત નીચે પધારી પોતાની કંઠની માલા
શ્રીવલ્લભને પહેરાવી તથા પોતાની પાઘ બંધાવી પોતાની પાસે બેસારી ભોજન કરાવ્યું અને
પછી શ્રીગોકુલ વિદાય થવા આજ્ઞા કરી. મુકુંદદાસને એમને શ્રીગોકુલ પહોંચાડવા મોકલ્યા.
પછી શ્રીગિરિધરજીને પાસે બોલાવી "રાવત કાહે કૂં ? માર્ગપ્રણીત પ્રકારકી રક્ષા શ્રીવલ્લભ
કરેંગે, ઓર યાહી વર્ષમેં ઉનકે ઘર પુત્ર હોયગો તાકો નામ શ્રીગોપાલ ધરિયો" એમ કહ્યું.
શ્રીમત્પ્રભુચરણે પછી બે પત્ર લખ્યા. એક પત્રમાં સર્વ પુત્રોને શિક્ષા આપી હતી અને
'મેરો કહ્યો માનો તો લૌકિક અરુ અલૌકિક જો કરો સો શ્રીવલ્લભકે પૂછીકે કરિયો' એમ
લખ્યું. બીજા પત્રમાં પોતાની પાછળ ઉત્તરક્રિયા કેમ કરવી એ લખ્યું. ઉભય પત્ર ગાદીતકે
રાખ્યા; અને ગાયો ખરિકમાં આવી ત્યારે લીલા કરી, સં. ૧૬૪૨ મહા વદ ૭. એ પ્રમાણે
શ્રીમત્પ્રભુચરણે ૭૦ વર્ષ ૨૮ દિવસ ભૂતલ પર વિરાજી લીલા કરી. બાલકોએ ઘણું આક્રંદ
કર્યું. ઉભય પત્રો શ્રીગિરિધરજીએ પોતાની પાસે રાખ્યા.

સર્વ બાલકો જુદા
શ્રીમત્પ્રભુચરણે લીલા કર્યા પછી આશરે ચાર વર્ષે સં. ૧૬૪૬ માં
થયા એનું સવિસ્તર વર્ણન 'પ્રાકટ્યસિદ્ધાંત'માં છે.

## શ્રીમત્પ્રભુચરણવિરચિત ગ્રંથો

તેમાં શ્રીસર્વોત્તમ-
શ્રીમત્પ્રભુચરણે અનેક ગ્રંથો રચી વૈષ્ણવો પર અતિશય કૃપા કરી છે,
સ્તોત્ર, શ્રીવલ્લભાષ્ટક, સ્ફુરત્કૃષ્ણપ્રેમામૃતસ્તોત્ર, યમુનાષ્ટપદી, ભુજંગપ્રયાતાષ્ટક, શ્રીગોકુલેશાષ્ટક,
શ્રીસ્વામિન્યષ્ટક વગેરે સ્તોત્ર, લલિતત્રિભંગસ્તોત્ર, શ્રીસ્વામિનીસ્તોત્ર છે. પર્યંક, રાજભોગા-
ર્તિકાર્યાઃ, સંધ્યાર્તિકાર્યાઃ, શયનાર્તિકાર્યાઃ વગેરે સેવોપયોગી ગ્રંથો છે.

એ સિવાય સિદ્ધાન્ત-
અષ્ટાક્ષરનિરૂપણ એ અષ્ટાક્ષર મંત્રનું પદ્યમાં વ્યાખ્યાન કરેલું છે.
રહસ્ય સિદ્ધાન્તમુક્તાવલિ શ્રીયમુનાષ્ટક વગેરે શ્રીમદાચાર્યચરણનાં ગ્રંથરત્નો પર વિવૃતિઓ

કરેલી છે. રસસર્વસ્વ શૃંગારરસમંડન વ્રતચર્યા સ્વપ્નદર્શન પ્રબોધ ગુપ્તરસ વિજ્ઞપ્તિઓ વગેરે અનેક ગ્રંથો રચેલા છે. 'ભક્તિહંસ' 'ભક્તિહેતુ' એ ભક્તિનું પ્રતિપાદન કરનાર ગ્રંથો રચેલા છે. 'વિદ્વન્મણ્ડન' ઉત્તમ સ્વતંત્ર વાદગ્રંથ રચેલો છે. શ્રીમદણુભાષ્યનો પણ પાછળનો દોઢ અધ્યાય શ્રીમત્પ્રભુચરણે લખેલો છે. શ્રીસુબોધિનીજીનો ભાવાર્થ દર્શાવવા સ્થલે સ્થલે ટિપ્પણીજી લખેલાં છે. આવા અનેક ઉત્તમ ગ્રંથો લખી વૈષ્ણવસમૂહને અમૂલ્ય લાભ શ્રીમત્પ્રભુચરણે આપેલો છે અને એઓના પર નિરતિશય કૃપા કરેલી છે. શ્રીમદાચાર્યચરણે પ્રકટ કરેલા પુષ્ટિમાર્ગને આ પ્રમાણે શ્રીમત્પ્રભુચરણે દૃઢ કર્યો.

## વિદ્વન્મણ્ડન

શ્રીમત્પ્રભુચરણ–વિરચિત ગ્રંથોમાં 'વિદ્વન્મણ્ડન' ગ્રંથ અતિકઠિન છે. વિદ્વન્મણ્ડનમાં શ્રીમત્પ્રભુચરણનું સર્વ પ્રકારનું કૌશલ્ય પદે પદે દૃશ્યમાન થાય છે. એ સ્વતંત્ર ઉત્તમ વાદગ્રંથ છે. શંકરાચાર્યના કેવલાદ્વૈત સિદ્ધાંતનું તથા નૈયાયિકોના અભાવ પદાર્થનું અને ઈશ્વર ઘટકર્તા કુલાલ પેઠે જગતનું માત્ર નિમિત્તકારણ છે એ સિદ્ધાંતનું એમાં ચૂર્ણશઃ ખંડન કરી શુદ્ધાદ્વૈતના ઉત્તમ સરલ સિદ્ધાંતોનું પ્રતિપાદન ઘણી જ નિપુણતાથી કરેલું છે. ગ્રંથનો પ્રારંભ કરવાની રીતિ પણ ઘણી ઉત્તમ અને ચમત્કારિક છે. સર્વ વાદીઓના વાદનું મુખ્ય કારણ બ્રહ્મનું સ્વરૂપ છે એ પોતાની અગાધ બુદ્ધિથી જાણી, બ્રહ્મના સ્વરૂપનું નિરૂપણ ઉત્તમ પ્રકારે કરેલું છે. આ ગ્રંથમાં શ્રુતિઓ બ્રહ્મસૂત્ર શ્રીમદ્ભગવદ્ગીતા તથા શ્રીમદ્ભાગવતનાં પ્રમાણો સ્થલે સ્થલે આપેલાં છે, અને ખરે ! પ્રારંભમાં 'શ્રુતિ સૂત્ર વગેરેરૂપી મણિઓથી જડેલું, યુક્તિરૂપી મોતીઓથી ગ્રંથોનું વિદ્વન્મણ્ડન' રચવાની જેવી શ્રીમત્પ્રભુચરણે પ્રતિજ્ઞા કરી છે તે જ પ્રમાણે આ વિદ્વન્મણ્ડન શ્રુતિ–સૂત્રરૂપી મણિઓથી જડેલું અને યુક્તિરૂપી મોતીઓથી ગ્રંથેલું વિદ્વાનોનું ભૂષણ જ છે. એમાં સ્થલે સ્થલે આ મણિઓ અને મોતીઓ ઝળકી રહેલાં છે. જેમ ઉત્તમ નગરશેઠનાં અમૂલ્ય ભૂષણ અન્ય ધનવાનોનાં ભૂષણોથી અધિક અધિક પ્રકાશી એને ઝાંખાં પાડે છે તેમ આ ઉત્તમ તત્ત્વજ્ઞ શ્રીમત્પ્રભુચરણનું અમૂલ્ય વિદ્વન્મણ્ડન આ મણિઓ તથા મોતીઓથી પ્રકાશી વાદીઓને નિસ્તેજ કરે છે. જેમ ઉત્તમ નગરશેઠ પોતાનાં અમૂલ્ય ભૂષણોથી સભામાં તરત જ ઓળખાય છે, તેમ વિદ્વન્મણ્ડન ધારણ કરનાર ઉત્તમ વિદ્વાન આ અમૂલ્ય ભૂષણથી પંડિતોની સભામાં તરત જ પ્રકાશી રહે છે.

## લેખનપદ્ધતિ

વિદ્વન્મણ્ડન ગ્રંથનો વિષય જેવો ઉત્તમ છે તેવી જ શ્રીમત્પ્રભુચરણની લેખનપદ્ધતિ પણ ઘણી ઉત્તમ છે. આ વાદગ્રંથ છે એમ પ્રથમ કહી ચૂક્યા છીએ. વાદીઓની સભામાં એકસરખી રીતે વાદ થતો નથી, પરંતુ કોઈ વાર પ્રતિપક્ષીને પ્રશ્ન પૂછવામાં આવે છે, કોઈ વાર એનો પ્રશ્ન સારો હોય તો ગંભીરતાથી એનો ઉત્તર આપવામાં આવે છે, કોઈ વાર એનો પ્રશ્ન મૂર્ખાઈભરેલો હોય તો એની હાંસી કરવામાં આવે છે, એને અનુકૂલ જ ભાષા પણ આ ગ્રંથમાં છે. કોઈ વાર ગંભીરતાથી ઉત્તર આપવાનો હોય તો ગંભીર એકસરખાં વાક્યો યોજેલાં છે, કોઈ વાર પ્રતિપક્ષીની મૂર્ખતા દૃશ્યમાન થતી હોય ત્યાં નાનાં નાનાં વાક્યોથી એની મૂર્ખાઈ દર્શાવી એનો પ્રશ્ન ઉત્તરને યોગ્ય નથી એમ કહેલું અથવા સૂચવેલું છે. કોઈ કોઈ સ્થલે

વાક્યો એવાં સારાં અને મધુર યોજેલાં છે કે એ વાક્યોનું પુનઃ પુનઃ પઠન કરવાની ઇચ્છા
થાય છે, અને વારંવાર એનું સ્મરણ કરી આનંદ પ્રાપ્ત કરવાની અભિલાષા થાય છે:
**चिरकालोप्तसमुदितप्राचीननिरतिशयकृपाफलसारनिरुपधिनिजचरणकमलानुरा-
गविलासाभिलाषबीजासु, ततो निजपरिजननिरोधतः प्रियावलोकननिमित्त
कृतप्रतिक्षणविविधव्याजजनितगतागतकर्षितासु, ततो दिवा प्रियवनगमन-
जनितविरहतरणितापतप्यमानान्तःकरणकेदारासु, ततो निशामुखे प्रियागमन-
संदर्शनेष्टावलोकनसेचनजनितहसितवलितविशदतरलरुचिरविलोचनयुगलविहित-
विविधनिरवधिरसभावाङ्कुरासु, ततोऽतिविपुलकलिन्दजापुलिननभोवलयगतनि-
जमुरलिकाकलनिनदगर्जितानन्दितास्वेव कासुचिद्भूमिषु श्रीमन्नन्दकुमारो नव-
जलदा निजानन्दसुधां ववर्षेति तथैव सर्वत्र वर्षिष्यतीति न ज्ञातुं शक्यते ।+**
આ વાક્યમાં ગોપિકાઓને ભૂમિ સાથે સરખાવી કેવું ઉત્તમ મનોહર વર્ણન કરેલું છે! કેવા
યોગ્ય સુંદર શબ્દો પસંદ કરેલા છે! આ વાક્યનો પાઠ વારંવાર કરવાનું કોને મન નહિ
થાય? અહીં રૂપક અલંકાર છે. '**वत्स! न वेत्सि किं, युक्तिकनकपङ्कसंघट्टितवि-
घनिगममहामणिविरचितब्रह्मवादभवनं मम ।*** વાક્યમાં બ્રહ્મવાદનું ઉત્તમ ભવન સાથે
કેવું સામ્ય દર્શાવેલું છે! પ્રતિપક્ષી સર્વ મતોને જીર્ણ તૃણથી છવાઈ રહેલાં ઝૂંપડાઓ સાથે
સરખાવી બ્રહ્મવાદરૂપી ભવન પણ એવા પ્રકારનું હોવાથી એને પણ દહનની ભીતિ છે એમ
સૂચના કરે છે, એના ઉત્તરમાં બ્રહ્મવાદ એવું તૃણથી છવાઈ રહેલું ઝૂંપડું નથી, પરંતુ
યુક્તિરૂપી કનકપંકથી જોડેલા નિગમરૂપી મહામણિઓથી ચણેલું ઉત્તમ ભવન છે તેથી એને
દહનની અલ્પ પણ ભીતિ નથી એમ કહે છે. આ સ્થલે યોગ્ય શબ્દોથી બ્રહ્મવાદનું અગ્નિથી
બળે નહિ તેવા સુંદર ભવન સાથે સામ્ય દર્શાવેલું છે! અહીં પણ રૂપક અલંકાર છે. અનેક
સ્થલે આ પ્રમાણે સુંદર યોગ્ય શબ્દોથી રમણીય મધુર વાક્યો યોજેલાં છે. મધુર ભાષાથી
ગ્રંથ છવાઈ રહેલો છે. આ ગ્રંથનો વિષય કઠિન છે તોપણ પોતાની રમણીય મનોહર
ભાષાથી શ્રીમત્પ્રભુચરણે એના વિષયને વિશેષ દીપાવ્યો છે.

## બુદ્ધિ

આ ગ્રંથ વાંચવાથી શ્રીમત્પ્રભુચરણની અપરિમિત બુદ્ધિનો પણ વિચાર વાચકને તરત
જ આવે છે. સ્થલે સ્થલે ચમત્કારિક બુદ્ધિનું ભાન કરાવનાર ઉત્તમ હેતુઓ શ્રીમત્પ્રભુચરણે
યોજેલા છે, એટલું જ નહિ, પરંતુ ઋગ્વેદના થોડા મંત્રનું શ્રીમત્પ્રભુચરણે વ્યાખ્યાન કર્યું
છે તેથી પણ એઓશ્રીની બુદ્ધિનું આપણને ભાન થાય છે. એ પ્રમાણે આ ગ્રંથમાં વાદી
તરીકે તેમજ વ્યાખ્યાનકર્તા તરીકે શ્રીમત્પ્રભુચરણે પોતાનું અપરિમિત કૌશલ્ય તથા દિવ્ય બુદ્ધિ
પ્રદર્શિત કરેલાં છે. 'બ્રહ્મ રૂપરહિત હોવાથી અને પ્રતિબિંબનો આશ્રય અજ્ઞાન અસ્વચ્છ
હોવાથી, ક્યાં કોનું પ્રતિબિંબ પડે?......નહિતો વાયુ અને કાષ્ઠ (અનુક્રમે) બિંબ અને પ્રતિ-
બિંબાશ્રય થાય' (પૃ. ૨૮). અત્ર પ્રતિબિંબવાદના ખંડન માટે કેવી સુંદર યુક્તિ દર્શાવેલી
છે! પ્રતિબિંબનો સંભવ જ નથી એમ પોતાની અગાધ બુદ્ધિથી યુક્તિ શોધી દર્શાવેલું છે!
વસ્તુતઃ પ્રતિબિંબવાદી અહીં જ નિરુત્તર થાય છે, પરંતુ 'ડૂબતો માણસ તરખલાને બાઝે'

---

+ કામવનની આવૃત્તિ પૃ. ૧૭૬-૭૭

* કામવનની આવૃત્તિ પૃ. ૧૦૫

તેમ નજીવી તકરાર પોતાનો મત સમર્થન કરવા આગળ કરે છે, એનું પણ પછી ખંડન કરેલું છે. એ પ્રમાણે સ્થલે સ્થલે યુક્તિઓથી પ્રતિપક્ષીઓના મતનું ખંડન કરેલું છે, અને આ વિદ્વન્મંડનને સર્વતઃ યુક્તિરૂપી મોતીઓથી ગ્રંથેલું છે.

ઋગ્વેદના મંત્રના વ્યાખ્યાનમાં પણ શ્રીમત્પ્રભુચરણે પોતાની અગાધ દિવ્ય બુદ્ધિનું આપણને દર્શન કરાવેલું છે. વિષ્ણુસૂક્તના '**ता वां वास्तून्युष्मसि**' મંત્રમાં (પૃ. ૧૯૨) શ્રીગોકુલનું પ્રતિપાદન કરેલું છે! નિરુક્તમાં યાસ્કાચાર્યે આ મંત્રનું સૂર્યપરત્વે વ્યાખ્યાન કરેલું છે, અને અહીં શ્રીગોકુલ પરત્વે વ્યાખ્યાન કેમ કર્યું એનો પણ ઉત્તર શ્રીમત્પ્રભુચરણે આપેલો છે. અગાધ દિવ્ય બુદ્ધિ વિના કોઈ આ મંત્રનું આવું વ્યાખ્યાન કરી શકે નહિ. એ જ પ્રમાણે '**विष्णोः कर्माणि पश्यत......**' (પૃ. ૧૯૪) તથા '**दिवीव चक्षुराततम्**'નું વ્યાખ્યાન કેટલી રીતે કરેલું છે! શ્રીગોકુલનું અલૌકિકત્વ ચમત્કારિક રીતે સિદ્ધ કર્યું છે! એવી જ રીતે '**जज्ञान एव व्यबाधत......**' (પૃ. ૨૦૭) મંત્રનું વ્યાખ્યાન કરી શ્રીકૃષ્ણે જે લીલાઓ કરી તે દર્શાવી છે. આ મંત્રનું વ્યાખ્યાન પણ પોતાની અપરિમિત દિવ્ય બુદ્ધિથી કરેલું છે. શ્રીમત્પ્રભુચરણે આ ગ્રંથમાં સુંદર યુક્તિઓથી વાદમાં પોતાનું કૌશલ્ય દર્શાવ્યું છે તેવું જ મંત્રનાં વ્યાખ્યાનોમાં પણ દર્શાવેલું છે. ભગવાનની નિત્યલીલા સિદ્ધ કરવામાં પણ પોતાની દિવ્ય અગાધ બુદ્ધિનું આપણને દર્શન કરાવ્યું છે. ઋગ્વેદના મંત્ર, શ્રીમદ્ભાગવતનાં વાક્યો વગેરેથી ભગવાનની સર્વ લીલા નિત્ય છે એમ દર્શાવ્યું છે. ભગવાનની આસુરવ્યામોહ લીલા માયિક અસત્ય છે એમ પણ સિદ્ધ કરેલું છે આ ગ્રંથ વાંચનાર વૈષ્ણવોને તો શું, પરંતુ અન્ય ધર્મના કોઈ પણ નિષ્પક્ષપાતી પુરુષને શ્રીમત્પ્રભુચરણની અગાધ બુદ્ધિ વિશે કાંઇ પણ સંદેહ રહેશે નહિ.

## દૃષ્ટાંત

આ ગ્રંથ કઠિન છે એમ પ્રથમ કહેલું છે, પરંતુ આ ગ્રંથમાં સ્થલે સ્થલે યોગ્ય દૃષ્ટાંતો આપી શ્રીમત્પ્રભુચરણે એને રસિક કરેલો છે. ઉત્તમ યોગ્ય સચોટ દૃષ્ટાંતથી ગ્રંથ કઠિન હોવા છતાં એનું અધ્યયન કરવામાં આનંદ થાય છે. કાર્ય તુચ્છ હોવા છતાં એનું કારણ સત્ય હોઈ શકે છે એમ દર્શાવવા માયાવી નટનું ઉત્તમ દૃષ્ટાંત આપેલું છે (પૃ. ૭૬). માયાવી નટ પોતાના મંત્રના સામર્થ્યથી કદંબ વગેરે દર્શાવે છે. અહીં કદંબ વગેરે અસત્ છે, પરંતુ મંત્ર અને મંત્રસામર્થ્ય અસત્ નથી, તેથી પ્રપંચ મિથ્યા હોય તોપણ એને દર્શાવનારી માયા અસત્ હોઈ શકે નહિ. આ માયાવી નટના ઉત્તમ દૃષ્ટાંતથી પ્રતિપક્ષીનો મત અયોગ્ય છે એમ આપણને સત્વર જણાઇ આવે છે.

વેદ પ્રપંચમધ્યપાતી હોવાથી પ્રપંચ પેઠે અસત્ય હોય તો કોઈ વૈદિક વિધિથી પ્રવૃત્તિ કરે નહિ એમ દર્શાવવા પ્રતિબિંબિત આમ્રતરુનાં ફલ લેવા કોઈની પ્રવૃત્તિ થતી નથી એવું દૃષ્ટાંત આપેલું છે (પૃ. ૩૧). આ દૃષ્ટાંતથી વેદ સત્ય છે, મિથ્યા નથી, એવું સર્વને સહેલાઈથી ભાન થાય છે. કઠિન વિષયનું પણ જ્ઞાન સહેલાઈથી વાચકને થાય એવા હેતુથી સ્થલે સ્થલે આવાં સુંદર દૃષ્ટાંતો શ્રીમત્પ્રભુચરણે આપેલાં છે.

## વિષય

આ જગતમાં વિવિધ પ્રકારનાં દુઃખથી પીડાતા જનસમૂહના મોક્ષ માટે શ્રુતિ સ્મૃતિ વગેરેમાં બ્રહ્મનાં શ્રવણ મનન નિદિધ્યાસનનું પ્રતિપાદન કરેલું છે, પરંતુ બ્રહ્મનું સવિશેષ અને નિર્વિશેષ તરીકે ઉભય રીતે વર્ણન કરેલું હોવાથી એ સવિશેષ છે કે નિર્વિશેષ એવો સંશય રહે છે. અત્ર માયાવાદીઓ બ્રહ્મ નિર્વિશેષ છે એમ માને છે. નિર્વિશેષ બ્રહ્મ સવિશેષ બ્રહ્મનું નિર્વાહક છે, કારણ કે બ્રહ્મસ્વરૂપ ન હોય તો વિશેષો ક્યાં રહે ? તેથી સવિશેષ હોઈ જ શકે નહિ. વળી, બ્રહ્મમાં ધર્મનું નિરૂપણ કર્યું છે તે માત્ર સોપાધિ બ્રહ્મનું જ્ઞાન થાય ત્યારે ચિત્તશુદ્ધિ થવાથી ભવિષ્યમાં નિર્વિશેષ બ્રહ્મનું જ્ઞાન થાય એ હેતુથી જ કરેલું છે, પરંતુ વસ્તુતઃ બ્રહ્મ સવિશેષ નથી, તેથી સવિશેષશ્રુતિઓ સોપાધિ બ્રહ્મ પરત્વે છે. વળી, નિર્વિશેષ બ્રહ્મ સવિશેષનું અંતરંગ હોવાથી મુખ્ય છે, તેથી બ્રહ્મ નિર્વિશેષ જ છે એમ માયાવાદીઓ પૂર્વપક્ષ કરે છે.

અત્ર શ્રીમત્પ્રભુચરણ ઉત્તર આપે છે કે સવિશેષ અને નિર્વિશેષ એવાં બે બ્રહ્મ નથી; સવિશેષ અને નિર્વિશેષ ઉભય એક જ છે. જો એઓમાં ભેદ હોય તો તાત્ત્વિક અર્થાત્ સત્ય ભેદ હોઈ શકે નહિ, કારણ કે જો એવો એ બેમાં ભેદ હોય તો **'સર્વત્ર પ્રસિદ્ધોપદેશાત્'** અર્થાત્ વેદાન્તમાં સર્વત્ર પ્રસિદ્ધ એક જ બ્રહ્મનો ઉપાસ્ય તરીકે ઉપદેશ કરેલો છે એ અધિકરણનો વિરોધ થાય. વળી, નિર્વિશેષ અને સવિશેષ બ્રહ્મમાં જો તાત્ત્વિક ભેદ હોય તો નિર્વિશેષ બ્રહ્મ અને જીવ અત્યંત ભિન્ન હોવાં જોઈએ; પરંતુ એમ તમે માયાવાદી જ માનતા નથી, તેથી તાત્ત્વિક ભેદ નથી. અતાત્ત્વિક અર્થાત્ ઉપાધિથી થયેલો ભેદ પણ સંભવતો નથી, કારણ કે ઉપાધિ જ સંભવતી નથી. અવિદ્યા ઉપાધિ છે ને એ અનાદિ છે એમ કહેવાય નહિ, કારણ કે એમ હોય તો સોપાધિ બ્રહ્મ નિરંતર ઉપાધિવાળું હોવાથી અને જગત્કર્તૃ હોવાથી નિરંતર જગત કર્યા જ કરે, અને એનો લય સંભવે નહિ. સાંખ્ય મત પ્રમાણે ગુણને પણ ઉપાધિ કહેવાય નહિ, કારણ કે સત્ત્વ રજ અને તમ એ ત્રણ ગુણમાંથી પ્રથમ સત્ત્વ, પછી રજ, પછી તમ ગુણનું આધિક્ય થવાનું કારણ પણ ઈશ્વરેચ્છા વિના અન્ય કહી શકાય નહિ. જ્યારે આ પ્રમાણે ઈશ્વરેચ્છાની જરૂર પડે છે જ, તો પછી ઉપાધિ માનવાનું કાંઈ કારણ રહેતું નથી. વળી, ઈશ્વર જગત્કર્તા નથી અને ગુણો જ જગત કરે છે એમ માનવાથી અનીશ્વરવાદ થઈ જાય, તેથી બ્રહ્મને ઉપાધિ સંભવતી નથી; તેથી સવિશેષ બ્રહ્મ અને નિર્વિશેષ બ્રહ્મમાં અતાત્ત્વિક અર્થાત્ ઉપાધિથી થતો ભેદ પણ નથી. વસ્તુતઃ એ ઉભય એક જ છે. નિર્વિશેષ શ્રુતિઓ બ્રહ્મમાં જડ અને જીવના ધર્મોનો નિષેધ કરે છે અને સવિશેષ શ્રુતિઓ એમાં જગત્કર્તૃત્વ વગેરે અલૌકિક ધર્મોનું નિરૂપણ કરે છે. સવિશેષ બ્રહ્મ અને નિર્વિશેષ બ્રહ્મમાં ભેદ માનો તો સૃષ્ટિનું નિરૂપણ કરનાર વેદાન્ત-વાક્યો સવિશેષ બ્રહ્મનું નિરૂપણ કરનાર હોવાથી નિર્વિશેષ અથવા સત્ય બ્રહ્મનું નિરૂપણ કરતાં નથી, તેથી સર્વ વેદાન્ત બ્રહ્મનું નિરૂપણ કરે છે એ સિદ્ધાંતનો ભંગ થાય. આ પ્રમાણે સવિશેષ વાક્યોની સંગતિ થઈ શકે નહિ.

અત્ર માયાવાદી અધ્યારોપવાદથી સૃષ્ટિનું નિરૂપણ કરનાર વાક્યોની સંગતિ દર્શાવવા યત્ન કરે છે. નિર્વિશેષ બ્રહ્મનું જ્ઞાન થવું અતિશય કઠિન હોવાથી પ્રથમ બ્રહ્મમાં જગત્કર્તૃત્વ વગેરે ગુણોનો આધ્યારોપ કર્યો, પછી આવા સોપાધિ બ્રહ્મની ઉપાસનાથી ચિત્તશુદ્ધિ થવાથી

શાખારુંધતીન્યાયથી પૂર્વે કહેલા ગુણોનો અપવાદ અથવા નિરાસ કરી નિર્ગુણ બ્રહ્મનું પ્રતિપાદન કરેલું છે, તેથી નિર્ગુણ બ્રહ્મનું જ્ઞાન થવા માટે સવિશેષ બ્રહ્મ અને સૃષ્ટિનિરૂપક વાક્યો હોવાથી એઓની સંગતિ થાય છે.

આનો ઉત્તર શ્રીમત્પ્રભુચરણ આપે છે કે જગત્પ્રતીતિ વેદથી થતી નથી, પરંતુ લોકથી થાય છે તેથી લોકથી સિદ્ધ થતા પ્રપંચનો કર્તા કહી પછી શ્રુતિ એનો નિરાસ કરે એ સંભવે નહિ. વળી, એમ હોય તો પ્રપંચ સત્ય નહિ, પરંતુ પ્રાતીતિક હોવાથી અને એનો કર્તા કોઈ નહિ હોવાથી જગત સંભવે જ નહિ, જગતની પ્રતીતિ થાય જ નહિ. વાસનાથી જગતની પ્રતીતિ થાય છે એમ ન કહેવાય, કારણ કે પ્રથમ અનુભવ અથવા પ્રતીતિ થયા પછી વાસના થાય છે, તેથી તમારા મત પ્રમાણે જગતની પ્રતીતિ સિદ્ધ થતી નથી, અર્થાત્ તમે કહો છો તેમ હોય તો જગતની પ્રતીતિ થવી ન જોઈએ.

માયાવાદી—જગતની પ્રતીતિ અવિદ્યાથી અથવા જીવના અજ્ઞાનથી જ થાય છે. વિચિત્ર પરિણામ ઉત્પન્ન કરવાના સ્વભાવવાળી દોષરૂપ અવિદ્યાથી જ આ વિચિત્ર જગત દેખાય છે.

## પ્રતિબિંબવાદ-નિરાસ

સિદ્ધાન્તી—જીવની અવિદ્યા કહો છો તો પ્રથમ જીવના સ્વરૂપનો વિચાર કરો. જીવના સ્વરૂપનો વિચાર કર્યા વિના અવિદ્યા એની શક્તિ હોઈ શકે કે નહિ એ કહેવાય નહિ, તેથી જીવના સ્વરૂપનો પ્રથમ વિચાર કરીએ. જીવ બ્રહ્મનું અવિદ્યા અથવા અજ્ઞાનમાં પડેલું પ્રતિબિંબ નથી, કારણ કે બ્રહ્મ જેવા રૂપરહિત પદાર્થનું પ્રતિબિંબ પડે નહિ; અજ્ઞાન જેવા અસ્વચ્છ પદાર્થમાં પ્રતિબિંબ કદાપિ પડે નહિ. રૂપરહિત પદાર્થનું અસ્વચ્છ પદાર્થમાં પ્રતિબિંબ પડતું હોય તો વાયુનું કાષ્ઠમાં પ્રતિબિંબ પડવું જોઈએ. વળી, જીવ બ્રહ્મનું પ્રતિબિંબ હોય તો **'द्वा सुपर्णा सयुजा'** એ શ્રુતિ ઉભયની એક સ્થલે સ્થિતિ કહે છે તે સંભવે નહિ, કારણ કે બિંબ અને પ્રતિબિંબ કદાપિ એક સ્થલે હોઈ શકે નહિ. વળી, અવિદ્યાનો નાશ થાય ત્યારે એમાં પડેલા પ્રતિબિંબ જીવનો પણ નાશ અવશ્ય થાય. અવિદ્યાનાશથી મોક્ષ થાય એમ માનો છો, તેથી જીવનો નાશ થાય ત્યારે મોક્ષ થાય, અથવા જીવનો નાશ એ જ મોક્ષ, એવો તમારો મત થાય છે. પ્રતિબિંબ હોવાથી જીવ પણ મિથ્યા થશે. જીવનો નાશ જ મોક્ષ હોવાથી કોઈ મોક્ષ માટે પ્રયત્ન પણ નહિ કરે અને વિધિ નિષેધ નિરર્થક થવાથી અધર્મ વધી જશે. વળી, જીવન્મુક્તિ પણ સંભવશે નહિ, કારણ કે અંતઃકરણ અથવા અવિદ્યામાં પડેલું પ્રતિબિંબ જીવ છે એમ તમારે કહેવું પડે. જીવન્મુક્તને અંતઃકરણ હોય તો એ સંસારી જ કહેવાય, જીવન્મુક્ત કહેવાય જ નહિ. અંતઃકરણ ન હોય તો મુક્ત જ ગણાય, જીવન્મુક્ત ન રહે. અજ્ઞાન અથવા અવિદ્યામાં પડેલું પ્રતિબિંબ જીવ છે એમ કહો, તો જીવન્મુક્તને બ્રહ્મનું અપરોક્ષ જ્ઞાન હોવાથી એનું અજ્ઞાન નાશ પામેલું છે, તેથી અજ્ઞાનમાં પડેલા પ્રતિબિંબ જીવનો પણ નાશ થયેલો હોવાથી જીવન્મુક્તનો દેહ હાલી પણ શકે નહિ; તેથી જીવ પ્રતિબિંબ હોય તો જીવન્મુક્તિ પણ સંભવે નહિ; તેથી જીવ પ્રતિબિંબ નથી.

## આભાસવાદ-નિરાસ

'જેમ અંગુલિના સંપર્કથી ચંદ્ર એક હોવા છતાં બે હોય એવો આભાસ થાય છે તેમ

અવિદ્યાથી બ્રહ્મ પણ આભાસથી બે ત્રણ એમ અનેક હોય એમ જણાય છે, અને એ જીવ કહેવાય છે’ એમ કહી શકાય નહિ, કારણ કે બ્રહ્મ બે ત્રણ અથવા અનેક છે એવો આભાસ કોને થાય છે? બ્રહ્મને થતો નથી, કારણ કે બ્રહ્મને ભ્રમ હોય જ નહિ. જીવને પણ થતો નથી, કારણ કે જીવ આભાસનો વિષય છે. ચંદ્રના દૃષ્ટાંતમાં સત્ય એક ચંદ્ર બ્રહ્મસ્થાને છે અને બે ત્રણ વગેરે અધિક દેખાતા મિથ્યા ચંદ્રો જીવસ્થાને છે. ત્યાં સત્ય ચંદ્રને બે ત્રણ હોવાનો ખોટો આભાસ થતો નથી તેમજ મિથ્યા ચંદ્રોને પણ એવો આભાસ થતો નથી, તેવી જ રીતે અહીં પણ બ્રહ્મને અથવા જીવને આભાસ થતો નથી. વળી, **‘य आत्मानमन्तरो यमयति’** એ શ્રુતિ બ્રહ્મ જીવને નિયમમાં રાખે છે એમ કહે છે, એ પણ જીવ માત્ર આભાસ જ હોય તો સંભવે નહિ. વળી, અવિદ્યા અને બ્રહ્મને સંયોગ અધ્યાસ અથવા સ્વરૂપ ગમે તે પ્રકારનો સંબંધ હોય તોપણ એ અનાદિ છે એમ તમારે કહેવું જોઈએ. બ્રહ્મ અવિદ્યા અને એઓનો સંબંધ ત્રણે અનાદિ હોવાથી જીવવિભાગ પણ અનાદિ જ સિદ્ધ થાય છે; તેથી જીવવિભાગ બ્રહ્મ અને અવિદ્યાના સંબંધનું કાર્ય છે અથવા બ્રહ્મ અને અવિદ્યાનો સંબંધ થવાથી થાય છે એમ પણ કહી શકાય નહિ, કારણ કે કાર્ય અનાદિ હોઈ શકે નહિ. વળી, બ્રહ્મને અવિદ્યાનો સંબંધ થવાથી જીવ થાય છે એમ તમે કહો છો. શુદ્ધ બ્રહ્મ અવયવરહિત છે અને એને જ અવિદ્યાનો સંબંધ છે તો એ જીવ થવું જ જોઈએ. અવયવરહિત હોવાથી સર્વ બ્રહ્મ જીવ થવું જોઈએ, અને તેથી સર્વજ્ઞ વગેરે ગુણોવાળો પરમાત્મા રહેશે નહિ, અને સર્વ શ્રુતિઓનો ઉપપ્લવ થશે. વળી, જીવ અને બ્રહ્મનો અનાદિસિદ્ધ ભેદ કહો છો ત્યારે પારમાર્થિક જ કહો.

માયાવાદી—**‘तत्त्वमसि’** શ્રુતિ બ્રહ્મના અને જીવના અભેદનો બોધ કરે છે. ભેદ વાસ્તવિક હોય તો અભેદ સંભવે નહિ, તેથી ભેદને અવાસ્તવિક કહું છું. **‘तत्त्वमसि’** મહાવાક્યમાં પણ એ જ કારણથી ભાગત્યાગલક્ષણા છે એમ કહું છું.

સિદ્ધાન્તી—**‘तत्त्वमसि’** એટલું જ મહાવાક્ય નથી, પરંતુ સંપૂર્ણ પ્રપાઠક મહાવાક્ય છે. આ પ્રપાઠકમાં આરંભમાં એકવિજ્ઞાનથી સર્વનું વિજ્ઞાન થાય એવી પ્રતિજ્ઞા કરી છે. પછી જેમ સુવર્ણના જ્ઞાનથી સર્વ સુવર્ણના કાર્યનું જ્ઞાન થાય છે તેમ બ્રહ્મજ્ઞાનથી સર્વનું જ્ઞાન થાય છે એમ ‘દર્શાવવા સર્વ બ્રહ્મ છે’ એમ કહેલું છે. ‘ **ऐतदात्म्यमिदं सर्वम्** ’થી જડ સર્વ બ્રહ્મ છે એમ કહ્યું. જડ વિનાશી હોવાથી અબ્રહ્મ છે એવી શંકા થાય તે દૂર કરવા **‘तत्सत्यम्’** કહ્યું; તેથી જડનો નાશ થતો નથી, પરંતુ આવિર્ભાવ અને તિરોભાવ જ થાય છે એવો શ્રુતિનો અભિપ્રાય છે.

[અહીં પૃ. ૪૩થી અભાવને પદાર્થ માનનાર નૈયાયિક આવિર્ભાવ તિરોભાવનું ખંડન કરવા પૂર્વપક્ષ કરે છે તેનું શ્રીમત્પ્રભુચરણ ખંડન કરે છે, અને મહાભારતમાં આશ્રમવાસિક પર્વમાં ગાન્ધારી પ્રતિ વ્યાસજીનાં વચન છે તેનાથી આવિર્ભાવતિરોભાવવાદનું સમર્થન કરે છે. આ ભાગ (પૃ. ૪૩–૭૨) ગ્રંથમાં સર્વથી કઠિન છે, અને સાધારણ બુદ્ધિવાળા વાચકોને પ્રથમ અધ્યયન કરતાં એને મૂકી દેવો વધારે અનુકૂલ થશે.]

પછી શ્રુતિ જીવ બ્રહ્મ છે એમ **‘तत्त्वमसि’** થી કહે છે, તેથી જેમ ‘ **ऐतदात्म्यमिदं सर्वम्**’માં ભાગત્યાગલક્ષણા નથી તેમ **तत्त्वमसि** ’માં પણ નથી.

વળી, તમારા મતમાં જીવ આભાસ હોવાથી મિથ્યા છે. એમ હોય તો શ્રુતિ '**न त्वमसि**' એમ જ કહેત, પરંતુ '**तत्त्वमसि**' એમ ન કહેત. વળી છીપમાં રજતની પેઠે બ્રહ્મમાં અવિદ્યાથી આરોપેલું જગત દેખાય છે એમ તમે માનો છો એ પણ સંભવતું નથી, કારણ કે અધિષ્ઠાનનું જ્ઞાન આરોપનું કારણ છે. અહીં અધિષ્ઠાન બ્રહ્મનું જ્ઞાન થઈ શકે એમ નથી, તેથી આરોપ સંભવે નહિ. વળી, અવિદ્યાને અસત્ માનો છો તો એનો નાશ કયાંથી થાય? અસત્નો નાશ કેવો? એ જ કારણથી બ્રહ્મ અને અવિદ્યાનો સંબંધ પણ સંભવતો નથી, કારણ કે અહીં બ્રહ્મ એક જ પદાર્થ છે. અવિદ્યા અસત્ હોવાથી કાંઈ નથી. બે પદાર્થ હોય તો જ સંબંધ સંભવે, એક જ પદાર્થમાં સંબંધ ન હોય, તેથી તમારી માનેલી અવિદ્યાથી જગતની પ્રતીતિ અને જીવનો વિભાગ સંભવતા નથી; તેથી એ અવિદ્યા-ઉપાધિથી નિર્વિશેષ અને સવિશેષ બ્રહ્મમાં અતાત્ત્વિક ભેદ છે એમ કહેવાય નહિ. ઉભયમાં અભેદ છે, તેથી શુદ્ધ બ્રહ્મ જ જગત્કર્તૃ છે.

## જીવ અને બ્રહ્મના સબંધનો વિચાર

પૂર્વપક્ષી—શુદ્ધ બ્રહ્મ ભલે જગત્કર્તૃ હોય, પરંતુ એનો જીવ સાથે અભેદ કેમ સંભવે? જીવ અને બ્રહ્મ ઉભય પરસ્પર વિરુદ્ધધર્મવાળાં છે, પરમાર્થતઃ ભિન્ન છે, તેથી એમનો અભેદ સંભવે નહિ. ભેદ ઔપાધિક છે અને ઉપાધિ દૂર થવાથી અભેદ થાય છે એમ કહી શકાય નહિ, કારણ કે ઉપાધિ હોઈ શકે જ નહિ એમ તમે સિદ્ધ કર્યું છે. વળી, જીવ અને બ્રહ્મને કેવો સંબંધ છે? ઉભય વિભુ હોવાથી સંયોગ-સંબંધ નથી. એઓમાંથી એક બીજાનો આશ્રય કરીને રહેલ નથી, તેથી સમવાય-સંબંધ નથી. સ્વરૂપ-સંબંધ પણ નથી, કારણ કે એ નિત્ય હોવાથી જીવની ઉપલબ્ધિ થાય નહિ. જ્ઞાતૃજ્ઞેયભાવ સંબંધ પણ નથી, કારણ કે એ સંબંધથી પારમાર્થિક ભેદ દૂર થાય નહિ અને એઓનો અભેદ સંભવે નહિ. તાદાત્મ્ય-સંબંધ પણ નથી, કારણ કે ધર્મધર્મિભાવ હોય તો જ એ સંભવે, પરંતુ અહીં એ ભાવ નથી. જીવ બ્રહ્મનો અંશ પણ નથી, અર્થાત્ અંશાંશિભાવ સંબંધ પણ નથી, કારણ કે બ્રહ્મ અવયવરહિત છે. આ પ્રમાણે જીવ અને બ્રહ્મને કોઈ અન્ય સંબંધ સંભવતો નથી, તેથી ઉપાધિ સંભવતી ન હોય તોપણ અભેદનો બોધ કરનાર શ્રુતિની અન્યથાનુપપત્તિ હોવાથી, અર્થાત્ અભેદ અન્યથા ઘટતો નથી તેથી, જીવ બ્રહ્મની ઉપાધિ જ છે એમ અવશ્ય માનવું જોઈએ. શ્રુતિ અવિદ્યાવાળી અવસ્થામાં દ્વૈત દર્શન કહે છે અને એ દૂર થાય ત્યારે એનો નિષેધ કરે છે, તેથી પ્રપંચ અથવા જગત પણ આવિદ્યક છે; છતાં '**यतो वा इमानि**' શ્રુતિ બ્રહ્મને જગત્કર્તૃ કહે છે તેથી અવિદ્યા ઉપાધિવાળું બ્રહ્મ જ જગતનું કર્તૃ છે એમ સર્વ શ્રુતિની ઉપપત્તિ માટે માનવું જોઈએ.

## જીવ બ્રહ્મનો અંશ છે.

સિદ્ધાન્તી—જીવ આવિદ્યક હોય તો એમ થાય, પરંતુ જીવ પારમાર્થિક છે. અંશાંશિભાવ સંબંધ હોવાથી અભેદશ્રુતિની પણ ઉપપત્તિ થાય છે. બ્રહ્મ નિરવયવ હોવા છતાં અંશાંશિભાવ સંભવે છે, કારણ કે શ્રુતિઓ જ એવો બોધ કરે છે. બ્રહ્મનું સ્વરૂપ લૌકિક પ્રમાણથી જણાય નહિ, કારણ કે અલૌકિક છે. માત્ર શ્રુતિથી જ એનું જ્ઞાન થાય છે. અલૌકિક હોવાથી લૌકિક રીતિથી એનો નિર્ણય થાય નહિ, પરંતુ બ્રહ્મવિચારની પ્રતિજ્ઞા કરી

બ્રહ્મમીમાંસા રચનાર વ્યાસજીના સૂત્રથી જ થાય. વ્યાસજી **'अंशो नानाव्यपदेशात्'** સૂત્ર યોજે છે. બ્રહ્મ, ઉત્પત્તિવાળો, અજ્ઞ, ચિદ્રૂપ, ઈશિતવ્ય, અણુ, વ્યાપક એમ ભિન્ન ભિન્ન રીતે જીવને સ્થલે સ્થલે વર્ણવેલો હોવાથી જીવ બ્રહ્મનો અંશ છે, કારણ કે બ્રહ્મ વિના અન્ય કોઈ એક જ પદાર્થ વિરુદ્ધ ધર્મોનો આશ્રય હોઈ શકે નહિ એવો આ સૂત્રનો અર્થ છે. લોકમાં લોહચુંબક તરફ લોઢું ખેંચાય છે, વગેરે સ્થલે જ્યાં વસ્તુનો સ્વભાવ જ કાર્યહેતુ છે ત્યાં યુક્તિની સંભાવના થતી નથી, તેમ જ અહીં પણ શ્રુતિ બ્રહ્મ નિરવયવ હોવા છતાં જીવ એનો અંશ છે એમ કહે છે એ માનવું જોઈએ. અહીં પણ યુક્તિની અપેક્ષા નથી. **'निष्कलं निष्क्रियम्'** ઇત્યાદિથી શ્રુતિ બ્રહ્મ નિરવયવ છે એમ કહે છે અને **'यथाऽग्नेः क्षुद्राः'** વગેરેથી જીવ બ્રહ્મનો અંશ છે એમ કહે છે, તેથી બ્રહ્મ નિરવયવ છે અને જીવ એનો અંશ છે એમ જ માનવું જોઈએ. જીવ બ્રહ્મનો અંશ હોવા છતાં એ અસર્વજ્ઞ છે અને એને ભ્રમ થાય છે, કારણ કે સર્વજ્ઞત્વ વગેરે ભગવાનના ધર્મોનો ભગવાનની ઇચ્છાથી એમાંથી તિરોભાવ થયેલો છે. સૂત્રકાર પણ **'पराभिध्यानात्तु तिरोहितं, ततो ह्यस्य बन्धविपर्ययौ'** એ સૂત્ર આ જ અર્થમાં યોજે છે.

## ઉપસ્થિતહાનિ અને અકૃતાભ્યાગમ દોષ નથી

ભગવાન આ પ્રમાણે જીવોના સર્વજ્ઞત્વ વગેરે સહજ ગુણોનો તિરોભાવ કરી એઓમાં મિથ્યાજ્ઞાન વગેરે દોષો મૂકે છે, તોપણ ઉપસ્થિતહાનિ અથવા કરેલા કર્મની હાનિ, અને અકૃતાભ્યાગમ અથવા નહિ કરેલા કર્મની પ્રાપ્તિ એ દોષ થતા નથી, કારણ કે જીવની કૃતિમાં જ એ દોષ સંભવે, ઈશ્વરકૃતિમાં એ દોષ નથી. લોકમાં પણ સ્વતંત્ર રાજાઓ કોઇની સત્તા લઇ લે, કોઈને સત્તા આપે, પ્રાસાદનો ભંગ કરી વન કરે, વનમાં ઉદ્યાન તથા પ્રાસાદ કરે, એમાં ઉપસ્થિતહાનિ અને અકૃતાભ્યાગમ થાય તે દોષ નથી, તો સકલ લોકના નિયામક ભગવાનમાં એ દોષ કેમ જ હોઈ શકે? **'एष ह्येव साधु कर्म कारयति तं यमेभ्यो लोकेभ्य उन्निनीषति'** વગેરે શ્રુતિ પણ એ જ કહે છે, તેથી જીવ પરતંત્ર હોવાથી એને ઉપસ્થિતહાનિ અને અકૃતાભ્યાગમ થાય તે દોષ નથી. ઉપસ્થિતહાનિ અને અકૃતાભ્યાગમને દોષ ગણી, એ દૂર કરવા જીવોના કર્મની અપેક્ષાથી જ ઈશ્વર એઓની પ્રવૃત્તિ અને નિવૃત્તિ કરાવે છે એમ જે કહે છે તેઓને અનીશ્વરવાદ જ પ્રાપ્ત થાય છે, કારણ કે એવા કર્મને અધીન રહી ફલદાન કરનાર ઈશ્વરની આવશ્યકતા નથી. અન્યથાનુપપત્તિથી કર્મની કલ્પના કરે તે કર્મને જ ફલદાન કરવા સમર્થ કલ્પવું જોઈએ, ઈશ્વરની જરૂર રહેતી નથી. **'कृतप्रयत्नापेक्षस्तु विहितप्रतिषिद्धावैयर्थ्यादिभ्यः'** સૂત્રનો અર્થ ઈશ્વર જીવના કર્મને અધીન રહી જીવની પ્રવૃત્તિ તથા નિવૃત્તિ કરાવે છે એવો નથી. પ્રપંચમાં રમણની ઇચ્છાથી ભગવાને ક્રીડા માટે પ્રયત્ન કરેલો છે, એની અપેક્ષાથી ભગવાને વિચિત્ર રસનો અનુભવ કરવા 'જે આ કામ કરશે તેને આવું ફલ આપીશ' વગેરે મર્યાદા કરી છે, અને એ લોકોને જણાવવા વેદ કર્યા છે. આ પ્રમાણે ભગવાને ક્રીડા માટે પ્રયત્ન કર્યો છે એની અપેક્ષાથી અથવા એને અધીન રહી ભગવાન જીવ પાસે કર્મ કરાવે છે. એમ ન હોય તો વિહિત યાગ વગેરે અને નિષિદ્ધ વિપ્રહનન વગેરે વ્યર્થ થઈ જાય. એ પ્રમાણે આ સૂત્રનો અર્થ છે.

## જીવ નિત્ય છે

જીવ ભગવાનનો અંશ છે અને અગ્નિમાંથી વિસ્ફુલિંગ નીકળે તેમ બ્રહ્મમાંથી વ્યુચ્ચરે

છે એમ કહેવાથી જીવ અનિત્ય થતો નથી, કારણ કે જીવ બ્રહ્મનો વિસ્ફુલિંગ–ન્યાયે અંશ છે એમ કહી સૂત્રકાર એની ઉત્પત્તિનો **नात्माऽश्रुतेर्नित्यत्वाच्च ताभ्य.**' સૂત્રથી નિષેધ કરે છે, તેથી વ્યુચ્ચરણ ઉત્પત્તિ નથી એવો સૂત્રકારનો આશય છે. જીવનો બ્રહ્મમાંથી વિભાગ થાય છે, અને જીવ બ્રહ્મનો અંશ છે એવો બોધ થવો કઠિન હોવાથી, અંશપણું, અંશીમાંથી વિભાગ થવાપણું, અણુપણું, અંશીનું અંશથી મહત્ત્વ, અંશની અંશીમાં પુનઃ પ્રવેશ કરવા યોગ્યતા, પ્રવેશ થયા પછી અભેદપ્રતીતિનું વિષયપણું, અને પુનઃ નિર્ગમનની યોગ્યતા એ સર્વ અગ્નિવિસ્ફુલિંગમાં પ્રસિદ્ધ હોવાથી સર્વધર્મનો સહેલાઇથી બોધ કરાવવા શ્રુતિએ એ દૃષ્ટાંત કહ્યું; તેથી જીવની ઉત્પત્તિ નથી થતી, જીવનું માત્ર બ્રહ્મમંથી વ્યુચ્ચરણ થાય છે. વ્યુચ્ચરણ ઉત્પત્તિ નથી.

માયાવાદી—જીવનો બ્રહ્મમાં પ્રવેશ થાય છે એમ કહો છો એ સંભવતું નથી, કારણ કે જીવ વ્યાપક છે. સર્વવ્યાપી પદાર્થનો અન્યમાં પ્રવેશ સંભવે નહિ. **'स वा एष महानज आत्मा' 'आकाशवत्सर्वगतश्च नित्यः' 'नित्यः सर्वगतः स्थाणुः'** વગેરે શ્રુતિ સ્મૃતિ પણ જીવને વ્યાપક કહે છે. **'तत्त्वमसि'** વગેરે શ્રુતિ જીવ બ્રહ્મથી અભિન્ન છે એમ ઉપદેશ કરે છે એ પણ જીવ વ્યાપક ન હોય તો સંભવે નહિ. વળી, જીવ વ્યાપક ન હોય અને અણુ હોય તો સર્વ શરીરમાં ચૈતન્યની ઉપલબ્ધિ થાય નહિ. કોઇ સ્થલે શ્રુતિમાં જીવને અણુ કહેલો છે એ જીવ દુર્જ્ઞેય છે એવા અભિપ્રાયથી કહેલું છે તેથી જીવ અણુ નથી, પણ વ્યાપક છે. વ્યાપક હોવાથી બ્રહ્મમાં એનો પ્રવેશ સંભવતો નથી.

## જીવ અણુ છે

સિદ્ધાન્તી—જીવ વ્યાપક નથી, પણ અણુ છે. **'स वा एष महानज आत्मा'** વગેરે શ્રુતિઓ બ્રહ્મપ્રકરણમાં આવેલી છે, તેથી એ જીવનું નિરૂપણ કરતી નથી, પણ બ્રહ્મનું નિરૂપણ કરે છે. જેમ ચંપક દૂર હોવા છતાં એની ગંધનો એ ન હોય ત્યાં પણ અનુભવ થાય છે, તેમ જીવ અણુ હોવા છતાં સર્વ શરીરમાં એના ચૈતન્યની ઉપલબ્ધિ થાય છે, તેથી જ **'व्यतिरेको गन्धवत्'** સૂત્ર સૂત્રકારે યોજેલું છે. વળી, **'हृदि ह्येष आत्मा'** વગેરે શ્રુતિ જીવ હૃદયમાં રહે છે એમ કહે છે એ જીવ અણુ હોય તો જ સંભવે. જીવને કોઈ સ્થલે શ્રુતિમાં બ્રહ્મ કહેલો છે તેથી એ વ્યાપક છે એમ કહેવાય નહિ, કારણ કે જીવને ઉપચારથી જ બ્રહ્મ કહેલો છે. જીવ ભગવાનના જ ગુણોથી ઉત્તમ હોવાથી અને ભગવાનનો અંશ હોવાથી ઉપચારથી જ એને બ્રહ્મ કહેલો છે. આ જ સૂત્રકાર પણ **'तद्गुणसारत्वात्तु तद्व्यपदेशः प्राज्ञवत्'** સૂત્રથી કહે છે. તેથી જીવ અણુ છે, બ્રહ્મનો અંશ છે, અને એનો અને બ્રહ્મનો અંશાંશિભાવથી અભેદ છે; તેથી અભેદની ઉપપત્તિ થતી નથી એવી ભીતિથી શુદ્ધ બ્રહ્મ જગત્કર્તૃ નથી એમ કહેવાય નહિ.

## બ્રહ્મ જગતનું સમવાયી કારણ પણ છે

'શુદ્ધ બ્રહ્મ કુલાલ પેઠે નિમિત્ત કારણ ભલે હો, પરંતુ સમવાયી કારણ હોઈ શકે નહિ, કારણ કે એ સમવાયી કારણ હોય તો મૃત્પિંડ પેઠે વિકારી થઇ જાય, સાવયવ થઈ જાય, અને કાર્ય અનર્થરૂપ હોવાથી એવું થઈ જાય' એમ પણ કહેવાય નહિ, કારણ કે બ્રહ્મનું કર્તૃત્વ આપણી બુદ્ધિથી કલ્પેલું નથી, પરંતુ શ્રુતિસિદ્ધ છે. સ્વતઃસિદ્ધ પ્રામાણ્યવાળી શ્રુતિ જેવું

બ્રહ્મ છે તેવું વર્ણવે છે. લોકમાં સમવાયી કારણ વિકારી જ હોય છે, પરંતુ બ્રહ્મ અવિકૃત અને સમવાયી કારણ છે એમ શ્રુતિ કહે છે. સૂત્રકાર પણ આ જ ઉપદેશ કરવા **'श्रुतेस्तु शब्दमूलत्वात्'** સૂત્ર યોજે છે. આ પણ ગુડજિહ્વિકા જ છે; વસ્તુતઃ બ્રહ્મ સર્વ વિરુદ્ધ ધર્મનો આશ્રય છે. **'अपाणिपादो जवनो ग्रहीता'** વગેરે શ્રુતિઓ પણ એ જ ઉપદેશ કરે છે.

માયવાદી—એક જ બ્રહ્મ સવિશેષ અને નિર્વિશેષ વિરોધને લીધે હોઇ શકે નહિ. ઉપાધિને લીધે એમ છે એમ પણ કહેવાય નહિ, કારણ કે ઉપાધિથી વસ્તુનો સ્વભાવ થતો નથી, તેથી ઉપાધિ આવિદ્યક હોવાથી સમસ્ત વિશેષરહિત અથવા નિર્વિશેષ જ બ્રહ્મ છે એમ માનવું. સવિશેષ શ્રુતિ નિર્વિશેષનો બાધ કરે છે એમ ન કહેવાય, કારણ કે સવિશેષ પરિચ્છિન્ન અને પ્રત્યેક ભિન્ન હોવાથી અનેક બ્રહ્મ થાય, અને **'एकमेवाद्वितीयम्'** શ્રુતિનો વિરોધ થાય. વળી, કર ચરણ વગેરે વિશેષો લૌકિક છે અને બ્રહ્મ અલૌકિક છે, તેથી એઓનો બ્રહ્મમાં નિષેધ જ યોગ્ય છે. કર ચરણ વગેરેને પણ અલૌકિક કલ્પવાથી બ્રહ્મમાં સર્વભવનસામર્થ્ય અને સર્વાધારત્વ વગેરે શક્તિઓ કલ્પવાથી ગૌરવ થાય. વળી, સવિશેષ શ્રુતિઓ બ્રહ્મસ્વરૂપનું નિરૂપણ કરતી નથી, પરંતુ પ્રત્યગ્બ્રહ્મનું જ્ઞાન પ્રાપ્ત કરવાનો અધિકાર સિદ્ધ કરાવવા ઉપાસનાનો ઉપદેશ કરવા ભાવના સુગમ થાય તે માટે લૌકિક પ્રસિદ્ધ કર ચરણ વગેરેનો જ અનુવાદ કરે છે; તેથી આ શ્રુતિઓ નિષેધ્યનું જ નિરૂપણ કરે છે. વિશેષો આવિદ્યક હોય તો જ એઓનો નિષેધ પણ કરાય, કારણ કે સત્ પદાર્થનો નિષેધ થાય નહિ; તેથી વિશેષો આવિદ્યક જ છે અને બ્રહ્મ નિર્વિશેષ જ છે. વળી, **'न तत्र सूर्यो भाति'** **'न चक्षुषा गृह्यते'** **'निष्कलं निष्क्रियम्'** વગેરે શ્રુતિઓ બ્રહ્મને સૂર્ય વગેરેથી અપ્રકાશ્ય અવ્યવહાર્ય અચાક્ષુષ અને ક્રિયારહિત કહે છે, અને સવિશેષ આનાથી ઊલટું અર્થાત્ સૂર્યાદિથી પ્રકાશ્ય વ્યવહાર્ય ચાક્ષુષ અને ક્રિયામત્ કહે છે, તેથી એ બ્રહ્મ હોઇ શકે નહિ. તેથી જ સૂત્રકાર પણ **"प्रकृतैतावत्त्वं हि प्रतिषेधति ततो ब्रवीति च भूयः'** સૂત્રથી બ્રહ્મમાં મૂર્ત અમૂર્ત રૂપનો પ્રતિષેધ કરી માત્ર ધર્મી (બ્રહ્મની) સત્તાનું જ નિરૂપણ કરે છે; તેથી બ્રહ્મ વિના સર્વ આવિદ્યક છે અને બ્રહ્મ નિર્વિશેષ જ છે.

### બ્રહ્મ સર્વ વિરુદ્ધ ધર્મનો આશ્રય છે

સિદ્ધાન્તી—જે અવિદ્યાથી વિશેષો કલ્પવામાં આવે છે તે અવિદ્યા બ્રહ્મની છે કે જીવની? બ્રહ્મની હોઇ શકે નહિ, કારણ કે બ્રહ્મમાં અવિદ્યા સંભવતી નથી. જીવની પણ નથી, કારણ કે મન અને વાણીથી અગોચર શુદ્ધ બ્રહ્મમાં વિશેષો કલ્પવાની જીવની અવિદ્યામાં શક્તિ નથી. અવિદ્યાવાળા જીવને બ્રહ્મનું દર્શન જ થતું નથી, પરંતુ જ્ઞાનથી અવિદ્યા દૂર થાય ત્યારે જ જીવ બ્રહ્મને જુએ છે. **'ज्ञानप्रसादेन विशुद्धसत्त्वस्ततस्तु तं पश्यते निष्कलं ध्यायमानः'** અવિદ્યાવાળા જીવને બ્રહ્મનું દર્શન જ થતું નથી, તો એમાં વિશેષો કેમ કલ્પી શકે? ઉપર કહી તે શ્રુતિમાં ભેદનું નિરૂપણ હોવાથી વિષય આવિદ્યક જ છે, અને **'निष्कलम्'** પદ બ્રહ્મનું વાસ્તવરૂપ વર્ણવે છે એમ પણ ન કહેવાય, કારણ કે એમ હોય તો નિર્વિશેષ બ્રહ્મનું દર્શન સંભવે જ નહિ, અને તેથી એના દર્શનનો બોધ કરનાર **'ब्रह्म वेद ब्रह्मैव भवति'** **'तस्मिन्दृष्टे परावरे'** વગેરે સર્વ શ્રુતિઓ તથા સ્મૃતિઓનો ઉપપ્લવ થાય. વળી **'निष्कलम्'** વાસ્તવરૂપ છે એમ કહો છો ત્યારે વાસ્તવ એટલે શું અને અવાસ્તવ એટલે શું? વસ્તુનો સ્વાભાવિક ધર્મ વાસ્તવ અને આગન્તુક અવાસ્તવ એમ ન કહેવાય,

કારણ કે એમ હોય તો ઘટનો આકાર પણ અવાસ્તવિક થઇ જાય અને કુલાલે દંડ વગેરેથી ઉત્પન્ન કરેલો ગણાય નહિ. વસ્તુતઃ બ્રહ્મના સર્વ ધર્મ વાસ્તવ છે. **'पराऽस्य शक्तिर्विविधैव श्रूयते स्वाभाविकी ज्ञानक्रियाबलं च'** એ શ્રુતિ પણ બ્રહ્મની સર્વશક્તિઓ સ્વાભાવિક છે એમ કહે છે. આ શ્રુતિમાં વિવિધ અનેક પ્રકારની શક્તિઓ વર્ણવેલી છે, તોપણ શક્તિના સ્વરૂપનો વિચાર કરતાં એ બ્રહ્મના સ્વરૂપથી ભિન્ન નથી એમ જણાવવા **'शक्तिः'** એમ એકવચનનો પ્રયોગ કરેલો છે; તેથી જેમ શ્રુતિના બલથી **'अस्य'** એમ ષષ્ઠી વિભક્તિથી ભેદનો નિર્દેશ કરેલો હોવાથી ધર્મરૂપ, જ્ઞાન, વગેરે સ્વાભાવિક સ્વરૂપભૂત શક્તિઓનો અંગીકાર થાય તેમ જ **'सर्वतः पाणिपादान्तं'** વગેરે શ્રુતિ સ્મૃતિઓના બલથી સ્વરૂપભૂત આનંદમાત્ર કર પાદ મુખ ઉદર વગેરેનો પણ અંગીકાર કરવો જોઈએ. આ સર્વ આવિદ્યક હોય તો બ્રહ્મના પ્રસાદથી એઓનું દર્શન વગેરે થાય છે એમ ન કહેવાય, અને એના દર્શન માટે તપસ્યા વગેરે સાધનો કોઈ કરે નહિ. વળી, વિશેષો સર્વ કલ્પેલા હોય તો વ્યાસજી સમન્વયપ્રતિજ્ઞા કરી આદિત્યની અંદરના હિરણ્મય પુરુષ, આકાશ, પ્રાણ, જ્યોતિ વગેરે બ્રહ્મ છે એમ કહે નહિ, કારણ કે આ સર્વ સવિશેષ હોવાથી અબ્રહ્મ જ ગણાય. વિશેષો કલ્પિત હોય તો વ્યાસજી આ સર્વ બ્રહ્મ નથી એમ કહેત અને સમન્વય-પ્રતિજ્ઞા જ ન કરત. વળી, વ્યાસજીએ બ્રહ્મજિજ્ઞાસાની પ્રતિજ્ઞા કરી જે સવિશેષોનું નિરૂપણ કર્યું છે તે બ્રહ્મ નથી, પરંતુ કલ્પિત છે, એમ કહીએ તો વ્યાસજીની પ્રતિજ્ઞાની હાનિ થઇ જાય. બ્રહ્મ એકરસ છે, પરંતુ સવિશેષ અનેકરસ છે તેથી બ્રહ્મ સવિશેષ હોઈ શકે નહિ, એમ ન કહેવાય, કારણ કે ધર્મી બ્રહ્મનું જ્ઞાન કરાવનાર પ્રમાણ વેદ જ **'सर्वकामः सर्वगन्धः सर्वरसः'** એમ કહે છે. **'सर्वतः पाणिपादान्तं सर्वतोऽक्षिशिरोमुखम्'** વગેરેથી ભગવાન જ પોતાનું સ્વરૂપ કહે છે. અહીં **'अन्त'** પદથી કર ચરણ વગેરેના અવચ્છેદ કહેલા છે, તેથી સર્વ સ્થલે ભગવાનના કર ચરણ વગેરેના અવચ્છેદ છે; તેથી જ પૌગંડલીલાસમયે જેટલું સ્વરૂપ હતું તેટલું જ તે જ સ્વરૂપ બાલ્યાવસ્થામાં પૂતનાને મુક્તિનું દાન કર્યું ત્યારે પણ હતું, કારણ કે ભગવાનનાં સર્વ રૂપ નિત્ય છે. માત્ર ક્રમથી ભિન્ન ભિન્ન રૂપનો આવિર્ભાવ થાય છે, તેથી જ ભક્તો બાલ્યાવસ્થામાં કર વગેરે થોડા પ્રદેશમાં અર્થાત્ નાના જુએ છે અને પૌગંડાવસ્થામાં અધિક અથવા મોટા જુએ છે. આ પણ શુદ્ધ બ્રહ્મ જ છે એમ **'तोकेन जीवहरणम्...'** વગેરેથી બ્રહ્માએ જ શ્રીમદ્ભાગવત દ્વિતીય સ્કંધમાં કહેલું છે. દશમ સ્કંધમાં દામોદરલીલાના પ્રસ્તાવમાં પણ **'न चान्तर्न बहिः'** વગેરેથી શ્રીકૃષ્ણ પરબ્રહ્મ છે એમ નિરૂપણ કરેલું છે; તેથી બ્રહ્મ વિરુદ્ધ ધર્મનો આશ્રય છે એવો જ તિનો અભિપ્રાય છે.

વિશેષોનું નિરૂપણ માત્ર ઉપાસના માટે કરેલું છે એમ તમે કહ્યું એ પણ યોગ્ય નથી, કારણ કે એમ હોય તો બ્રહ્મની માત્ર એવી ભાવના કરવામાં આવે છે, પરંતુ વસ્તુતઃ બ્રહ્મ એવું નથી એમ કહેવું જોઇએ; પરંતુ બ્રહ્મ વસ્તુતઃ જેવું હોય તેવાની જ ઉપાસના કરવી જોઈએ; અન્ય પ્રકારની ઉપાસના કરવાથી **'योऽन्यथा सन्तमात्मानमन्यथा प्रतिपद्यते । किं तेन न कृतं पापं चौरेणात्मापहारिणा'** એ શ્રુતિથી દોષ જ પ્રાપ્ત થાય. તેથી સવિશેષ જ બ્રહ્મ છે એમ માનવું જોઈએ; તેથી કર ચરણ વગેરે વિશેષો કલ્પિત નથી, પરંતુ અલૌકિક જ છે અને બ્રહ્મ સર્વ વિરુદ્ધ ધર્મનો આશ્રય છે. આમ માનવામાં ગૌરવ નથી, કારણ કે શ્રુતિ જ એવો ઉપદેશ કરે છે. આપણી બુદ્ધિથી આ પ્રમાણે કલ્પેલું

હોય તો ગૌરવ થાય, પરંતુ શ્રુતિ કહે તે પ્રમાણે માનવામાં ગૌરવ દોષ નથી. શ્રુતિના બોધમાં પણ એ દોષ આવે તો બ્રહ્મ માનવાથી પણ ગૌરવ દોષ થાય; તેથી એ પણ ન માનો અને શૂન્યવાદનો અંગીકાર કરો.

શ્રુતિ ધર્મોનો નિષેધ પણ કરે છે, તેથી બ્રહ્મ નિર્ધર્મક જ છે, એમ પણ કહેવાય નહિ, કારણ કે શ્રુતિ પોતે જે ધર્મોનું નિરૂપણ કર્યું છે તેનો નિષેધ કરતી નથી, પરંતુ બ્રહ્મધર્મો પ્રાકૃત છે એવી શંકા થાય તે દૂર કરવા પ્રપંચના ધર્મોનો બ્રહ્મમાં નિષેધ કરે છે. જો બ્રહ્મમાં ન હોય તેવા જ ધર્મોનું એમાં શ્રુતિ પ્રતિપાદન કરતી હોય તો એ પ્રતારક ગણાય અને અપ્રમાણ થઈ જાય. શ્રુતિએ બ્રહ્મમાં નિરૂપણ કરેલા ધર્મો પણ લૌકિક જ છે એમ ન કહેવાય, કારણ કે એક જ પદાર્થમાં સર્વતઃપાણિપાદાન્તત્વ સર્વેશિતૃત્વ વગેરે ધર્મો કદાપિ લોકમાં દેખાતા નથી. વળી, વિશેષો કલ્પિત હોય અને સવિશેષ બ્રહ્મ ન હોય તો સૂત્રમાં વ્યાસજીએ વિશેષોનો પરસ્પર અવિરોધ સિદ્ધ કરેલો છે તે સર્વ નિરર્થક થાય, કારણ કે જેનો નિષેધ કરવાનો છે તેમાં વિરોધ હોય કે અવિરોધ હોય એનું કાંઈ પ્રયોજન નથી. **'अरूपवदेव हि तत्प्रधानत्वात्'** એ સૂત્ર બ્રહ્મ નિર્વિશેષ છે એવો ઉપદેશ કરતું નથી, પરંતુ સાકાર શ્રુતિઓ પણ બ્રહ્મનું જ નિરૂપણ કરે છે એમ કહે છે. રૂપ, અર્થાત્ નિરૂપણ અથવા વ્યવહાર જેનો છે તે એટલે સર્વ વ્યવહારના વિષયપણું. એ જેમાં છે તે રૂપવત્ અર્થાત્ વિશ્વ. બ્રહ્મ અરૂપવત્ છે અર્થાત્ રૂપવત્ વિશ્વથી વિલક્ષણ છે. અથવા રૂપ, અથવા વ્યવહાર જેનાથી થાય છે તે રૂપ અર્થાત્ કર ચરણ વગેરે. જેમ લોકમાં કર ચરણ એઓના અભિમાની ધર્મીથી ભિન્ન છે તેમ બ્રહ્મમાં નથી, પરંતુ ભેદ નહિ હોવાથી કર ચરણ વગેરે પણ બ્રહ્મ જ છે, તેથી લૌકિક પેઠે રૂપવત્ અર્થાત્ કર ચરણ વગેરેથી ભિન્ન એઓના અભિમાની તરીકે બ્રહ્મનું નિરૂપણ કરેલું નથી, પરંતુ કર ચરણ વગેરેથી પણ બ્રહ્મના રૂપનું જ નિરૂપણ કરેલું છે. કર ચરણ વગેરે બ્રહ્મથી ભિન્ન નથી, પણ બ્રહ્મરૂપ જ છે એમ કેમ જણાય એ દર્શાવવા **'तत्प्रधानत्वात्'** હેતુ યોજેલો છે. સર્વ વેદાન્તો પ્રધાનતાથી બ્રહ્મનું જ નિરૂપણ કરે છે, તેથી કર ચરણ વગેરે બ્રહ્મસ્વરૂપથી ભિન્ન નથી. **'प्रकृतैतावत्त्वं हि प्रतिषेधति'** એ સૂત્ર પણ બ્રહ્મ નિર્વિશેષ છે એવો ઉપદેશ કરતું નથી, પરંતુ પ્રકૃત અથવા લૌકિક એતાવત્ત્વ અર્થાત્ આટલાપણું અથવા ગુણો એનો જ નિષેધ કરે છે, પોતે કહેલા સર્વેશિતૃત્વ વગેરે ગુણોનો શ્રુતિ નિષેધ કરતી નથી. બ્રહ્મમાં શ્રુતિએ કહેલાં મૂર્ત અને અમૂર્ત રૂપો સર્વતઃપાણિપાદાન્તત્વ વગેરે છે, પરંતુ એ બ્રહ્મનાં રૂપ છે એમ જાણવા નહિ, પણ બ્રહ્મ જ છે એમ જાણવા. **'ततो ब्रवीति च भूयः'** બ્રહ્મમાં શ્રુતિએ કહેલાં રૂપો છે એવો નિર્ણય છે એમ કહેવા યોજેલું છે. શ્રુતિ બ્રહ્મમાં ધર્મનો નિષેધ કરી પછી તરત જ એનું નિરૂપણ કરે છે, તેથી શ્રુતિએ કહેલા ધર્મો બ્રહ્મમાં છે; તેથી નિર્વિશેષ અને સવિશેષ શ્રુતિઓમાં વિરોધ નથી, અને બ્રહ્મ પ્રાપંચિક ધર્મરહિત સહજ અનન્ત ધર્મવાળું છે, એમ સિદ્ધ થાય છે. **'न तत्र सूर्यो भाति'** વગેરે શ્રુતિથી બ્રહ્મ દૃશ્ય નથી તેથી, સવિશેષ બ્રહ્મ હોઈ શકે નહિ, એમ કહ્યું એ પણ યોગ્ય નથી, કારણ કે **'कश्चिद्धीरः प्रत्यगात्मानमैक्षत्'** વગેરે શ્રુતિઓ બ્રહ્મને દૃશ્ય પણ કહે છે. તેથી ઉભય પ્રકારની શ્રુતિના અવિરોધ માટે ઇન્દ્રિયોના સામર્થ્યથી બ્રહ્મ દૃશ્ય નથી, પરંતુ ભગવાનના અનુગ્રહથી દૃશ્ય છે, એમ માનવું. **'अपि संराधने प्रत्यक्षानुमानाभ्याम्'** એ

સૂત્ર સૂત્રકારે પણ આ જ અર્થમાં યોજેલું છે; તેથી અવતારદશામાં પણ સર્વનું ભગવદ્દર્શન કરવાનું સામર્થ્ય નથી, પરંતુ 'સર્વ મારાં દર્શન કરો' એવી ભગવાનની સાધારણ ઇચ્છાથી સર્વ એમનાં દર્શન કરે છે, પરંતુ ભક્તો માટે ભગવાનનો પ્રાદુર્ભાવ હોવાથી એઓ ભક્તિથી જ દર્શન કરે છે. લીલા માટે ભગવાન પણ અલૌકિક તેજ દર્શાવતા નથી અને લૌકિકનું અનુકરણ કરે છે.

બ્રહ્મ રૂપરહિત હોવાથી બ્રહ્મનું દર્શન ચાક્ષુષ નથી; પરંતુ દર્શનનો અર્થ જ્ઞાન જ છે એમ પણ કહેવાય નહિ, કારણ કે **'ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परंतप'** એ સ્મૃતિથી કામ દર્શન અને પ્રવેશ ભિન્ન ભિન્ન જ છે. રાસ વગેરે વ્યવહાર પ્રમાણસિદ્ધ છે, તેથી ત્યાં પ્રસિદ્ધ કામ, રમણની ઇચ્છા રમણ વગેરે સર્વ શુદ્ધ બ્રહ્મના જ ધર્મ છે એમ જાણવું. બ્રહ્મમાં સહજ અનંત શક્તિઓ હોવાથી આ સર્વ યોગ્ય જ છે, તેથી કામ સમયે અકામ પણ છે. પ્રિયાના વિપ્રયોગથી ખિન્ન થવા છતાં પરમાનન્દરૂપ છે. શ્રુતિ જ આવા વિરુદ્ધ ધર્મોનું પ્રતિપાદન કરે છે, તેથી એમાં શંકા કરવી ઉચિત નથી એક જ પદાર્થમાં વિરુદ્ધ સર્વ ધર્મનો આશ્રય લોકમાં નથી, તેથી બ્રહ્મ એવું હોઈ શકે નહિ એમ ન કહેવાય, કારણ કે લોકમાં નિર્ધર્મક પણ કોઈ પદાર્થ નથી તેથી બ્રહ્મને તમે નિર્વિશેષ પણ કહી શકો નહિ. વળી, ભગવાન શ્રીકૃષ્ણચંદ્રમાં વિરુદ્ધ ધર્મનું નિરૂપણ મૃત્સ્નાભક્ષણ પ્રસંગે તથા દામોદરલીલાના પ્રસ્તાવમાં કહેલું છે.

માયાથી ભગવાન વિરુદ્ધ ધર્મો દર્શાવે છે એમ કહો તો માયા કેવી છે? માયા એટલે ભગવાનનું સામર્થ્ય કહેતા હો તો એ ઇષ્ટ જ છે, પરંતુ પોતાના સામર્થ્યથી ભગવાન ન હોય તે દર્શાવે છે એમ કહેવાય નહિ. માત્ર અસુરોને જ ભગવાન એવું દર્શાવે છે, કારણ કે એઓનો જ એમને મોહ કરવો છે. માયા બ્રહ્મથી ભિન્ન અસદ્રૂપ અસત્કાર્ય કરનારી છે એમ ન કહેવાય, કારણ કે એમ હોય તો એ સ્વતન્ત્રતાથી કાર્ય કરે કે બ્રહ્મને અધીન રહીને? જડ હોવાથી સ્વતન્ત્રતાથી કાર્ય કરે નહિ. બ્રહ્મને અધીન રહી કાર્ય કરતી હોય તો સુતારના વાંસલા પેઠે કરણ ગણાય. સહજ અનન્ત શક્તિવાળા ભગવાનને એવા કરણની અપેક્ષા નથી.

કામ વગેરે લીલા માત્ર અનુકરણ હોવાથી પ્રિયાવિયોગ, એનાથી થતો ક્લેશ વગેરે ભગવાનમાં આવવાથી ભગવાનના પૂર્ણત્વનો ભંગ થાય, એમ પણ કહેવાય નહિ, કારણ કે એનાથી પૂર્ણત્વનો ભંગ થતો નથી એમ પ્રાદેશમાત્ર ભગવાનનું અભિવિમાનિત્વ નિરૂપણ કરી શ્રુતિ કહે છે. વસ્તુતઃ લીલા માત્ર અનુકરણ નથી. **'सर्वकामः सर्वरसः'** શ્રુતિથી ભગવાન સર્વરસરૂપ અને સર્વરસભોક્તા છે. રસમાં શૃંગાર રસ મુખ્ય છે, અને એ રતિ નામના સ્થાયિભાવરૂપ છે, તેથી ભગવાન શૃંગારરસાત્મક અને શૃંગારરસભોક્તા છે; તેથી રસની જેટલી મર્યાદા છે તે સર્વ ભગવાનમાં છે. એમ ન હોય તો ભગવાનના રસરૂપત્વની હાનિ થાય. જો લીલા માત્ર અનુકરણ હોય તો એનાથી ભગવાનને તેમજ ગોપિકાઓને રસ પ્રાપ્ત થાય નહિ. અન્યોન્ય રસનો આવિર્ભાવ થાય નહિ તો ત્યાં રસ જ નથી એવી રસશાસ્ત્રની મર્યાદા છે; તેથી ભગવાન શૃંગારરસસ્વરૂપ હોવાથી પ્રિયાવિપ્રયોગ અને એનાં સર્વ કાર્ય ત્યાં છે, માત્ર અનુકરણ નથી. આથી બ્રહ્મત્વની ક્ષતિ થતી નથી, પરંતુ વિરુદ્ધ સર્વ ધર્મ ઠરવાથી બ્રહ્મત્વ સિદ્ધ થાય છે. બ્રહ્મધર્મોમાં વિરોધ પણ નથી, કારણ કે શ્રુતિ અને ભક્તોના અનુભવથી

એ સિદ્ધ થાય છે. આત્મારામત્વ વગેરે ગુણો જ બ્રહ્મમાં છે, અન્ય નથી, એમ હઠથી માનો તોપણ ભક્તો પર અતિશય અનુગ્રહ હોવાથી સ્વરૂપમર્યાદાનો ત્યાગ કરી, ભક્તોને અધીન થઈ, એઓની ઈચ્છા પ્રમાણે લીલા કરતાં ભગવાન સર્વભાવ ધારણ કરે છે. આ જ ભગવાનનું પુષ્ટિરૂપ છે; એ ભગવાને પોતે દુર્વાસાને કહેલું છે.

અત્ર ભગવાનને શરીર છે એ સિદ્ધાંત સહન ન થવાથી નૈયાયિક પૂર્વપક્ષ કરે છે: ભગવાનને જ્ઞાન ઇચ્છા અને પ્રયત્ન વિના કોઈ પણ ધર્મ નહિ હોવાથી શરીર નથી, પરંતુ કાર્ય કરવા જીવના અદૃષ્ટથી પ્રાપ્ત થયેલા શરીરમાં ભગવાન ભૂતાવેશન્યાયથી પ્રવેશ કરે છે, એ શરીરમાં કાર્ય કરે છે, અને પછી એ શરીરનો ત્યાગ કરે છે.

આ નૈયાયિકનો મત પણ યોગ્ય નથી, કારણ કે જગત્કર્તા ઈશ્વર છે તેથી એને જગતના ઉપાદાનનું ગોચર અને અપરોક્ષ જ્ઞાન છે એમ એઓ માને છે. જેમ લોકમાં કર્તાને કાર્યના ઉપાદાનનું ગોચર અને અપરોક્ષ જ્ઞાન હોવાથી ઈશ્વરમાં એવું જ્ઞાન એઓ માને છે, તે જ પ્રમાણે લોકમાં શરીરી જ કર્તા હોવાથી ઈશ્વરને પણ શરીર છે એમ એમણે સ્વીકારવું જ જોઈએ. જ્ઞાન પેઠે શરીર પણ અન્વયવ્યતિરેકથી સિદ્ધ થાય છે. કુલાલ વગેરે જેઓ કર્તા છે તેમને શરીર છે. મુક્ત જીવો વગેરે જેઓને શરીર નથી તેઓ કર્તા નથી. એ પ્રમાણે અન્વય અને વ્યતિરેકથી સિદ્ધ થતું શરીર અવશ્ય માનવું જોઈએ, નહિતો ઇચ્છા જ્ઞાન વગેરે પણ સિદ્ધ થાય નહિ. શરીર પરિચ્છિન્ન હોવાથી એકસાથે સર્વ દેશમાં કાર્ય કરી શકે નહિ એમ પણ કહેવાય નહિ, કારણ કે અન્યથાનુપપત્તિથી સિદ્ધ થતું શરીર એ દોષ દૂર થાય તેવું જ સિદ્ધ થાય.

શરીર મહત્ અને ઉદ્ભૂતરૂપવાળું હોવાથી ચાક્ષુષ થવું જોઈએ એ દોષ પણ નથી, કારણ કે ઇંદ્ર વગેરે દેવોનાં શરીર પણ અચાક્ષુષ છે તો ભગવાનનું શરીર એવું હોય એમાં આશ્ચર્ય શું?

બ્રહ્મના ધર્મો '**एकमेवाद्वितीयम्**' એ શ્રુતિને લીધે બ્રહ્મથી ભિન્ન નથી તેમજ અભિન્ન પણ નથી, કારણ કે અભિન્ન હોય તો એ બ્રહ્મ જ ગણાય, ધર્મ ગણાય જ નહિ. તેથી એકવિજ્ઞાનથી સર્વવિજ્ઞાન થાય એ પ્રતિજ્ઞાની ઉપપત્તિ માટે બ્રહ્મધર્મો બ્રહ્મનાં કાર્યો જ છે, અને બ્રહ્મ સર્વકલ્પનારહિત નિર્વિશેષ છે એવી શંકા કરવી નહિ સૂર્યનો પ્રકાશ સૂર્યથી જુદો થયા વિના દેખાય છે તેથી સૂર્ય નથી એમ કહેવાય નહિ. વળી, એ સૂર્યનો જ છે અને તેથી ભિન્ન છે એમ દેખાય છે તેથી એ એનો ધર્મ પણ છે, તે જ પ્રમાણે બ્રહ્મના ધર્મો પણ ઉભય પ્રકારની શ્રુતિના બલથી બ્રહ્મથી ભિન્ન અને અભિન્ન પણ છે એમ માનવું જોઈએ. તેથી જ સૂત્રકાર પણ '**प्रकाशाश्रयवद्वा तेजस्त्वात्**' સૂત્ર યોજે છે. '**अणिमाद्यैर्महिमभिः...**' વગેરે વાક્યોથી બ્રહ્મધર્મો સચ્ચિદાનંદરૂપ છે. લીલા પણ એવો બ્રહ્મનો ધર્મ હોવાથી એને નિત્ય જ માનવી.

## લીલાનું નિત્યત્વ

લીલાને ગિરિ કાનન યમુનાપુલિન પશુ પક્ષી વગેરે અનિત્ય પદાર્થોનો સંબંધ હોવાથી એ નિત્ય હોઈ શકે નહિ એવી શંકા કરવી નહિ, કારણ કે લીલાનું નિત્યત્વ પણ પ્રમાણથી જ

સિદ્ધ થાય છે. (૧) **'जयति जननिवासो देवकीजन्मवादः**.........( પૃ ૧૮૪ ) આ શ્લોકમાં **अस्यन् वर्धयन्** વગેરે ચાલુ વર્તમાન કૃદંતનાં રૂપનો પ્રયોગ કરી લીલા આ વાક્ય લખાયું ત્યારે પણ હતી એમ દર્શાવેલું છે. આ વાક્ય લખાયું ત્યારે લીલા થઈ ચૂકી એવી સર્વની પ્રતીતિ હતી, છતાં એ સમયે લીલા હતી એમ આ વાક્યથી સિદ્ધ થાય છે. લીલા નિત્ય હોય તો જ આ ઘટે. (૨) શ્રીમદ્‌ભાગવતના દશમસ્કંધમાં નામકરણના પ્રસ્તાવમાં સર્વજ્ઞ ગર્ગાચાર્યજી **'बहूनि सन्ति नामानि......'** (પૃ. ૧૮૭) કહે છે. અહીં પણ બહુ નામો અને રૂપો **'सन्ति'**=છે એમ કહેલું છે. એ પણ ગુણ અને કર્મને અનુરૂપ અથવા એ સમયને યોગ્ય આકાર તથા ક્રિયાવાળાં છે. ગુણ અને કર્મ ન હોય ત્યારે પણ ઉપચારથી નામ કહેવાય એમ નથી, કારણ કે નામ ઉપચારથી પડે નહિ, મુખ્ય વૃત્તિથી જ હોય. તારા સુતનાં બહુ નામ અને રૂપો 'છે' એમ કહેલું હોવાથો 'નન્દસુત' એ નામ પણ અનાદિ છે. ગર્ગાચાર્યનો પણ નામકરણ–લીલામાં સમાવેશ થયેલો હોવાથી એ પણ અનાદિ છે. લીલા નિત્ય હોવાથી પૂર્વસિદ્ધ જ લીલાનો ક્રમે ક્રમે ભગવાનની ઇચ્છાથી આવિર્ભાવ થાય છે એમ માનવાથી કાંઈ અનુપપત્તિ રહેતી નથી. સર્વ લીલા નિત્ય હોવાથી સર્વ કાલે છે, પરંતુ ભગવાનની ઇચ્છા જે લીલાનો જે સમયે આવિર્ભાવ કરવાની હોય તે સમયે તે લીલાનો આવિર્ભાવ હોય છે, અન્ય સર્વ લીલાનો તિરોભાવ રહે છે. (૩) ઋગ્વેદમાં પણ **'ता वां वास्तून्युष्मसि...'** (પૃ. ૧૯૨) મંત્ર છે. (૪) તૈત્તિરીયકમાં પણ **'ते ते धामान्युष्मसि'** (પૃ. ૧૯૩) મંત્ર છે. આ મંત્રોમાં ભગવાનનું સ્થાન શ્રીગોકુલ **'अवभाति'** 'પ્રકાશે છે' એમ નિત્ય વેદ કહે છે. નિત્ય વેદ આ પ્રમાણે વર્તમાનકાલમાં પ્રયોગ કરે છે તેથી ભગવાનની લીલાનું સ્થાન શ્રીગોકુલ પણ નિત્ય છે એમ સિદ્ધ થાય છે. (૫) **'विष्णोः कर्माणि पश्यत...'** (૬) **'तद्विष्णोः परमं पदम्...'** (પૃ. ૧૯૪) એવા મંત્રો છે. આ પ્રથમ મંત્રમાં જે વિષ્ણુના પદનું નિરૂપણ કર્યું તેનો **'तद्विष्णोः परमं पदम्'** એમ અનુવાદ કરી, એ નિત્ય છે એમ **'सदा पश्यन्ति सूरयः'** થી કહેલું છે. સૂરિ એટલે વિદ્વાન, શબ્દબ્રહ્મ તથા પરબ્રહ્મ જાણનાર. આવું જ્ઞાન ભક્તિથી જ થાય છે, તેથી 'સૂરિ'નો અર્થ ભક્તો છે, તેથી કાલિન્દી ગિરિ વગેરે- વાળું હોવાથી મહત્ અને ઉદ્‌ભૂતરૂપવાળું હોવા છતાં ભગવાનનું રૂપ માત્ર ભક્તો જ જુએ છે. **'दिवीव चक्षुराततम्'** દૃષ્ટાન્તથી અન્ય કેમ જોઇ શકતા નથી એવી શંકાનો નિરાસ કરે છે. સ્વર્ગમાં માત્ર સુખ જ છે અને એ સ્વર્ગમાં રહેનાર જ જોઇ શકે છે, અન્ય કોઈ જોઈ શકતા નથી, તે પ્રમાણે આ પણ માત્ર ભક્તો જ જોઈ શકે છે.

(૭) **'तद्विप्रासो विपण्यवः...'** (પૃ ૨૦૧) (૮) **'अथ यदिदमस्मिन्ब्रह्मपुरे दहरं'** અહીં (પૃ. ૨૦૧) 'પુર' શબ્દથી ભગવાનનું લીલાસ્થાન શ્રીગોકુલ મથુરા વગેરે કહેલું છે. વસ્તુતઃ એને જરા અથવા નાશ નથી, પરંતુ એનાં જરા અથવા નાશથી એના આશ્રિતનો નાશ થાય એવો પૂર્વપક્ષ કરી, એને જરા વગેરેની સંભાવના જ નથી એવો ઉપદેશ કરવા **'एत एतत्सत्यं ब्रह्मपुरम्'** કહેલું છે. (૮) બૃહદ્વામનપુરાણમાં ભૃગુ વગેરે પ્રતિ બ્રહ્માનાં વાક્યો છે તેમાં વ્યાપી વૈકુંઠ નામનો બ્રહ્માનંદમય લોક નિર્ગુણ અનાદિ અને અનન્ત છે એમ કહેલું છે. શ્રુતિઓએ પોતે જેને બ્રહ્મ કહે છે તે પર, વાણી અને મનથી અગોચર, નિર્ગુણ, આનંદ- માત્ર રૂપ દર્શાવવા પ્રાર્થના કરી, ત્યારે કાલિન્દી વૃંદાવન ગોવર્દ્ધન સહિત ભગવાને પોતાનું સ્વરૂપ દર્શાવ્યું, તેથી ભગવાનનું સર્વવેદાન્તપ્રત્યય રૂપ આ જ છે અને એ નિત્ય જ છે એમ

કાંઈ પણ સંશય વિના સિદ્ધ થાય છે. (૯) 'जज्ञान एव व्यबाधत' (પૃ. ૨૦૭) ઋગ્વેદમંત્ર પણ ભગવાનની લીલાનું નિરૂપણ કરે છે. (૧૦) વળી, દશમસ્કંધમાં કાત્યાયનીના અર્ચન પછી, ભગવાન વ્રજકુમારીઓને 'मयेमा रंस्यथ क्षपाः' એમ વરદાન કરે છે. અહીં પણ 'આ રાત્રિઓ' શબ્દ હોવાથી ભગવાન રમણની સર્વ રાત્રિઓ પોતાની સમીપ રાખી ગોપિકાઓને દર્શાવે છે, તેથી આ રમણની રાત્રિઓ પણ ભગવાને પ્રાતઃકાલે વરદાન કર્યું તે સમયે હતી. લીલા નિત્ય હોય તો જ આ સંભવે. ભગવાનની સર્વ લીલા નિત્ય છે. પૂર્વસિદ્ધ નિત્ય લીલાનો ક્રમથી ભગવાનની ઇચ્છા પ્રમાણે આવિર્ભાવ થાય છે. આ પ્રમાણે માનવાથી કાંઈ પણ અનુપપત્તિ રહેતી નથી.

## આધુનિક ભક્તનો નિત્યલીલાપ્રવેશ

સુકૃત કરનાર ભગવાનના અનુગ્રહવાળા આધુનિક ભક્તનો નિત્યલીલામાં સમાવેશ થાય કે ન થાય? એની સાથે ભગવાન જે લીલા કરે તે હવેથી કરવાની અથવા જન્ય એટલે ઉત્પત્તિવાળી હોવાથી નિત્ય હોઈ શકે નહિ તેથી નિત્યલીલામાં એનો સમાવેશ થાય જ નહિ, એમ ન કહેવાય. ન્યાયશાસ્ત્રમાં ઈશ્વરનું સર્વ જ્ઞાન નિત્ય છે, તેથી ભાવી જન્ય પદાર્થનું ઈશ્વરનું જ્ઞાન પણ નિત્ય છે. એ પ્રમાણે અહીં પણ આધુનિક ભક્ત સાથે ભગવાન લીલા કરે તે ભગવાનની લીલા પણ નિત્ય જ છે; તેથી આધુનિક ભક્તનો પણ નિત્યલીલામાં સમાવેશ થાય છે. ધર્મીનું ગ્રહણ કરાવનાર પ્રમાણ વેદથી જ એમ સિદ્ધ થાય છે. બૃહદ્વામન કથામાં પણ 'સ્ત્રીઓ અથવા પુરુષો ભક્તિભાવથી કેશવને હૃદયમાં ધારણ કરી શ્રુતિની ગતિ પામે છે' એમ છે, તેથી પણ આધુનિક સ્ત્રી અથવા પુરુષ ભક્તોનો ભગવાનની નિત્યલીલામાં સમાવેશ થાય છે. 'મારા અનુમોદનથી સત્ય થવાને યોગ્ય છે' એમ શ્રુતિઓને ભગવાને કહેલું હોવાથી, ભગવાન અંગીકાર કરે ત્યારે નિત્યલીલામાં સમાવેશ થાય છે. સર્વાત્મભાવથી ભજન કરે તેનો ભગવાન પણ અંગીકાર કરે છે જ. 'विचक्रमे पृथिवीमेष एताम्...' (પૃ. ૨૧૭) ઋગ્વેદમંત્રમાં ભગવાનના ભક્તો ध्रुवासः અથવા નિત્ય કહેલા છે. જીવ સ્વતઃ નિત્ય હોવાથી ભગવાનના ભક્તો નિત્ય છે એમ કહેવાનું અન્ય પ્રયોજન ન હતું, પરંતુ નિત્યલીલામાં એઓનો સમાવેશ હોવાથી જ એમને નિત્ય કહેલા છે.

## પ્રભાસીય લીલા માયિક છે

પ્રભાસીય લીલા અથવા પ્રભાસમાં ભગવાને આસુરવ્યામોહ લીલા કરી એની સંગતિ થતી નથી એવી શંકા કરવી નહિ. ભગવાન સર્વ લીલા સહિત સદા પ્રકટ છે. જેમ ધર્મરક્ષા, સત્પુરુષોની રક્ષા, ભૂભારહરણ વગેરે ભગવાનની લીલા છે તેમ આસુરવ્યામોહ પણ લીલા છે. મોહ માયાથી થાય છે, તેથી આસુરવ્યામોહ લીલા માયિક છે, તેથી અસુરો આ લીલાને પણ લૌકિક માને છે અને ભગવાનને પણ લૌકિક પુરુષ માને છે; પરંતુ દૈવી પુરુષો એમ માનતા નથી. અસુરોને જ એ પ્રમાણે મોહ ઉત્પન્ન કરવા ભગવાન આસુરવ્યામોહ લીલા કરે છે, તેથી એઓને જ એવું જ્ઞાન થાય છે. શ્રીકૃષ્ણ લૌકિક પુરુષ નથી, પરંતુ પરબ્રહ્મ છે એનું મૃત્સ્નાભક્ષણ જૃંભ વગેરે લીલાઓમાં નિરૂપણ કરેલું છે. આ પ્રમાણે ધર્મીનું ગ્રહણ કરાવનાર પ્રમાણોથી શ્રીકૃષ્ણવિગ્રહ (શરીર) જ બ્રહ્મ સિદ્ધ થાય છે, તેથી વિરુદ્ધ લૌકિકત્વ વગેરે અસત્ ધર્મોનું અસુરોને મોહ કરવા જ ભગવાન પ્રદર્શન કરાવે છે. આ બ્રહ્માંડપુરાણમાં

પણ છે. પદ્મપુરાણમાં પણ ભગવાન શંકરને પાખંડ મત પ્રવર્તાવવા આજ્ઞા કરે છે ત્યાં પણ ભગવાન 'હું તારું આરાધન કરીશ' એમ શંકરને કહે છે એ પણ અસુરોને મોહ કરવા જ, કારણ કે અન્યનું આરાધન કરવું એ જીવનો ધર્મ છે, ભગવાનનો ધર્મ નથી. જેમ ઇંદ્રજાલ-વિદ્યામાં નટ સ્વર્ગમાં જાય છે, ત્યાં યુદ્ધમાં મૃત્યુ પામે છે, નીચે પડે છે, એની સ્ત્રી એની સાથે સતી થઈ બળી મરે છે, એ સર્વ અનુભવ થાય છે, પરંતુ પછી નટ જીવતો આવે છે તેથી એનો બાધ થાય છે, તેમ અહીં પણ **'जयति जननिवासः'** વગેરે પ્રમાણોથી ભગવાનની પૂર્વની લીલા નિત્ય સિદ્ધ થાય છે, તેથી આસુરવ્યામોહ લીલા માત્ર અસુરોને દર્શાવવા જ છે એમ સિદ્ધ થાય છે. શુકદેવજી પણ **'भूभारराजपृतना'**થી આરંભી **'संजह्रे स्वकुलं विभुः'** પર્યંત આસુરવ્યામોહ લીલાનું નિરૂપણ કરે છે. અહીં **'अस्वकुलम्'** એવો ગૂઢ પદચ્છેદ છે, તેથી જે યાદવકુલનો સંહાર થયો તે માયિક હતું એવો નિશ્ચય થાય છે.

તેથી ભગવાનની સર્વ લીલા નિત્ય છે. ભગવાન વિરુદ્ધ સર્વ ધર્મના આશ્રય છે, તેથી ભગવાન સર્વ પ્રાકૃત દોષરહિત તથાપિ શ્રુતિસિદ્ધ જગત્કર્તૃત્વ વગેરે સર્વ ધર્મ ભગવાનમાં છે, તેથી પ્રાકૃત ધર્મરહિત સકલ અલૌકિક ધર્મયુક્ત ભગવાનનાં શ્રવણ મનન નિદિધ્યાસન કરવાથી જીવ દુઃખથી મુક્ત થાય છે.

આ પ્રમાણે બ્રહ્મ નિર્વિશેષ છે કે સવિશેષ એ સંશયનો નિર્ણય કરવા ગ્રન્થનો પ્રારંભ કરી, મધ્યમાં જીવ બ્રહ્મનો અંશ છે, ભગવાનનો દાસ છે, ભક્તિથી મોક્ષ પ્રાપ્ત થાય છે, પ્રપંચ સત્ય છે, અભાવ કોઈ પદાર્થ નથી, પણ વસ્તુના આવિર્ભાવ અને તિરોભાવ જ થાય છે, વગેરે સર્વ સિદ્ધાન્તોનું દિગ્દર્શન કરાવી ભગવાનનું સત્ય સ્વરૂપ શ્રીમત્પ્રભુચરણે દર્શાવેલું છે. પંચતંત્રમાં જેમ એક મુખ્ય વાર્તામાંથી અન્ય વાર્તાઓ સ્વાભાવિક રીતે નીકળે છે તેવી રીતે એક સિદ્ધાન્તનું નિરૂપણ કરતાં અન્ય સંશયો થવાથી અન્ય સર્વ મુખ્ય સિદ્ધાન્તોનું નિરૂપણ કરી, પ્રથમના મુખ્ય સિદ્ધાંતનું નિરૂપણ કરતાં આ ગ્રન્થ સમાપ્ત થાય છે; તેથી ગ્રન્થરચના પણ કેવી ઉત્તમ છે એ વાચકવર્ગના ધ્યાનમાં સહજ આવશે.

**एतेनास्मत्कुलपतिः श्रीगोपीजनवल्लभः ।**
**प्रीतोऽस्त्वस्मासु तेनैव पूर्णता किमिहापरैः ॥**

# વિષયાનુક્રમ


| વિષય | | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | મંગલાચરણ | ૧ |
| ૨ | સંશય: બ્રહ્મ સગુણ છે કે નિર્ગુણ ? | ૩ |
| ૩ | પૂર્વપક્ષ: બ્રહ્મ નિર્વિશેષ જ છે | ૮ |
| ૪ | સિદ્ધાંત: બ્રહ્મ સગુણ અને નિર્ગુણ પણ છે | ૧૩ |
| ૫ | અધ્યારોપાપવાદ (નિરાસ) | ૨૧ |
| ૬ | પૂર્વપક્ષ: જીવની અવિદ્યાને લીધે જગતની પ્રતીતિ થાય છે | ૨૫ |
| ૭ | પ્રતિબિંબવાદ અને એનું ખંડન | ૨૭ |
| ૮ | માયિક સિદ્ધાંત પ્રમાણે વિહિત કર્મમાં પ્રવૃત્તિ થાય નહિ | ૩૧ |
| ૯ | પ્રતિબિંબવાદના બીજા દોષ | ૩૪ |
| ૧૦ | આભાસવાદ અને એનું ખંડન | ૩૭ |
| ૧૧ | આવિર્ભાવ–તિરોભાવ સંબંધથી નૈયાયિકોનો પૂર્વપક્ષ | ૪૩ |
| ૧૨ | સિદ્ધાંત: આવિર્ભાવ અને તિરોભાવની સિદ્ધિ | ૪૯ |
| ૧૩ | આશ્રમવાસિક પર્વની કથાથી સમર્થન | ૬૨ |
| ૧૪ | પ્રપંચ–નામપ્રપંચ પણ નિત્ય છે | ૭૨ |
| ૧૫ | જગત બ્રહ્મે રચેલું સત્ય છે | ૭૪ |
| ૧૬ | પૂર્વપક્ષ: વિભુ જીવ બ્રહ્મથી અભિન્ન હોવાથી સોપાધિક બ્રહ્મ જ જગત્કર્તૃ છે | ૭૭ |
| ૧૭ | સિદ્ધાંત: જીવ અણુ અને બ્રહ્મનો અંશ છે | ૮૧ |
| ૧૮ | જીવ બ્રહ્મને તાદાત્મ્ય–સંબંધ | ૮૬ |
| ૧૯ | પ્રાપ્ત થયેલની હાનિ અને ન કરેલાંની પ્રાપ્તિ કરાવવારૂપ દોષ ભગવાનમાં નથી | ૯૨ |
| ૨૦ | જીવની પ્રવૃત્તિ નિવૃત્તિ પણ અદૃષ્ટને અધીન નહિ, પણ ભગવાનની ઇચ્છાને અધીન છે | ૯૫ |
| ૨૧ | જીવનું બ્રહ્મમાંથી વ્યુચ્ચરણ ઉત્પત્તિ નથી | ૧૦૩ |
| ૨૨ | બ્રહ્મ અપરિચ્છિન્ન હોવા છતાં એમાં જીવનો પ્રવેશ અને એમાંથી નિર્ગમન થાય છે | ૧૦૮ |
| ૨૩ | પૂર્વપક્ષ: જીવ વ્યાપક છે | ૧૧૧ |
| ૨૪ | સિદ્ધાંત: જીવ અણુ છે | ૧૧૪ |
| ૨૫ | જીવ માત્ર ચૈતન્ય ન હોવાથી વ્યાપક નથી, અણુ જ છે | ૧૧૮ |
| ૨૬ | બ્રહ્મમાં વિરુદ્ધ ધર્મો રહેલા છે | ૧૨૩ |
| ૨૭ | પૂર્વપક્ષ: બ્રહ્મ નિર્ગુણ જ છે | ૧૨૫ |
| ૨૮ | સિદ્ધાંત: બ્રહ્મ નિર્ગુણ અને સગુણ સર્વ વિરુદ્ધ ધર્મોનો આશ્રય છે | ૧૩૧ |
| ૨૯ | બ્રહ્મ સગુણ હોવાનું અવિદ્યાથી કલ્પેલું નથી | ૧૩૮ |
| ૩૦ | સવિશેષ શ્રુતિઓ ઉપાસના થઈ શકે તે માટે જ બ્રહ્મ સગુણ હોવાનું કહેતી નથી | ૧૪૧ |
| ૩૧ | બ્રહ્મ વિરુદ્ધ સર્વ ધર્મોવાળું હોવા છતાં એકરસ છે | ૧૪૩ |